122 Years Of Publications

# રાહેનજાત

KARACHI - PAKISTAN

RAHE NAJAT MONTHLY

સ્થાપક

અલ્લામા હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલ (હાજીનાજી) અ.મ.



| | |
|---|---|
| માહે જમાદીઉલ અવ્વલ હીજરી સન ૧૪૩૧ પંચાંગ | ૨ |
| જનાબે ફાતેમા ઝેહરા (સલા.) | ૩ |
| ઈસ્લામી શિક્ષણ | ૬ |
| દુનિયાની ઓળખ ! | ૭ |
| માન્યતાનો મૃત્યઘંટ લેખકઃ એ.કે. તેજાણી 'મુસવ્વિર' ( પૂને-ભારત) | ૮ |
| માનવી મજબુર કે મુખ્તાર ? (લેખકઃ સય્યદ મોહમ્મદ દહેલવી (અ.મ.) | ૧૦ |
| અલ્લાહની હુજ્જત સંકલન : અમીરઅલી શમશીર | ૧૪ |
| ફ્રાન્સ (રીયુનીયન)માં અશ્રએ અવ્વલની મજલીસો પઢી વતન પહોંચેલા હાજી 'સલિલ' | ૧૬ |
| જનાબે હુર (અ.સ.)નું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત (-જ મોહમ્મદઅલી 'ગાફિલ') | ૧૭ |
| તફસીરે નમૂના (૩૭) (સૂરા બકરહ) (ભાષાંતરઃ'નિશાત'નૂરાની સાહેબ) | ૨૦ |
| કુરઆની આયતો જાગ્રતી માટે... | ૨૨ |
| શફાઅતનો ખરો ભાવાર્થ | ૨૩ |
| દુનિયામાં શું બળ્યું છે | ૨૬ |
| તુલે ઉમ્ર અને વુસ્અતે રીઝક માટેઃ ૧૦૦ મુજર્રબ નુસ્ખાઓ (અનુવાદઃ યાસીનઅલી એ. સાયાણી) | ૨૭ |
| 'મોત' ઉપર મંથન (૧૧) (મૌલાના સૈયદ આબિદ હુસેન ઝયદી સાહેબના 'દર્સ' પરથી) ભાવાનુવાદઃ અમીરઅલી શમશીર | ૨૯ |
| મહેફિલે મુસાલેમા | ૩૧ |
| મરણ નોંધ | ૩૨ |

માહે ર.આખર હીજરી સન ૧૪૩૧
વર્ષ: ૫૪ (૧૨૨) અંક : ૪



સ્થાપકઃ
અલ્લામા ગુલામઅલી
હાજી-નાજી સાહેબ(અ.મ.)

# રા હે ન જા ત
## (માસિક) કરાચી

# RAHENAJAT
## MONTHLY KARACHI

### હક નુમાયાં કર દિયા

કિસ્કે જલ્વેને જહાંમેં હક નુમાયાં કર દિયા,
કિસકી સોઅબતને ઝમાને ભરકો ઈન્સાં કર દિયા.
કયસે તયકીં આપને સબ્રો રિઝાકી મન્ઝિલેં,
અઝમો ઈસ્તિકલાલસે દુન્યાકો હયરાં કર દિયા.
દીં-પરસ્તીકા યે જઝબા થા કે જિસ્કે જોશમે,
ગોદકે પાલે હુવે બચ્ચોકો કુરબાં કર દિયા.
ઉફ ગિલા ના આશના લબસે ન કુછ શિકવા કિયા,
ફિદયએ રાહે રિઝા અસગર-સા નાદાં કર દિયા.
સીને પર કાતિલ, ગલુ પર તેગ, લબ પરથી દુઆ,
મરતે મરતે આપને કારે નુમાયાં કર દિયા.
ગુલ્શને ઈસ્લામ મુદ્દત તક ફલા ફુલા રહા,
કુફ્રો ઈસ્તીબ્દાદને ફીર ઉસ્કો વીરાં કર દિયા.
દેખ કર યે રંગે દુન્યા મુસ્તુફાકે લાલને,
કરબલાકે દશ્તમેં હકકો નુમાયાં કર દિયા.
સોનેવાલો ! અબ ખુદારા દેખો આંખે ખોલ કર,
બે-હીસ્સીને કૌમકો પામાલો વીરાં કર દિયા.
સીખ લો ઈસારે કવ્મી મુરતુઝાકે લાલસે,
જીસ્ને રાહે હકમે સબ ઘરબાર કુરબાં કર દિયા.

(-જનાબ અકબર જયપુરી)

## SUBSCRIPTION

| | |
|---|---|
| Pakistan | Rs. 200 |
| India Sea Mail | Rs. 400 |
| Other Countries Air Mail (Africa, Europe, Canada, Sweden, Saudia etc.) | £ 15 |

**RAHENAJAT PUBLICATIONS**
Jinnah Bakery,
Opp. Junaid Mension,
Rook Street,
Off. Burns Road,
Karachi-74200, Pakistan.
Phone: 32212582

***Editor: Mohsin Kausari***

# માહે જમાદીઉલ અવ્વલ હીજરી સન ૧૪૩૧ પંચાંગ

| ઈસ્લામી તારીખ | અંગ્રેજી તારીખ | વાર | ઈસ્વી સન તારીખ ૧૬.૪.૨૦૧૦ થી ૧૫.૫.૨૦૧૦ સુધી (ચાંદ પ્રમાણે અમલ કરવો) |
|---|---|---|---|
| ૦૧ | ૧૬ | શુક્ર | જમાદીઉલ અવ્વલ મુસ્લિમ જગતનો પાંચમો મહિનો છે. ઈસ્લામી વર્ષ પહેલાં આ મહિનાને હમાતન કહેતા હતા. હીજરી સન શરૂ થયા પછી જ્યારે આ મહીનાનું નામ રાખવામાં આવ્યું ત્યારે શરદીની મોસમ હતી તેના લીધે ઝમીન ઉપર બરફ જામી જતો હતો હોવાથી ખેડને લાયક રહેતી ન હતી એ કારણે આ મહિનાનું નામ 'જમાદી' (નિર્જીવ) નામ રાખવામાં આવ્યું. |
| ૦૨ | ૧૭ | શનિ | |
| ૦૩ | ૧૮ | રવિ | |
| ૦૪ | ૧૯ | સોમ | |
| ૦૫ | ૨૦ | મંગળ | |
| ૦૬ | ૨૧ | બુધ | |
| ૦૭ | ૨૨ | ગુરૂ | |
| ૦૮ | ૨૩ | શુક્ર | **કમર–દર–અકરબ :** તા. ૨૮.૪.૨૦૧૦ના બુધવારે રાત્રે ૩ કલાક અને ૩૦ મિનિટે શરૂ થઈને તા. ૧.૫.૨૦૧૦ના શનિવારે સવારે ૭ કલાક અને ૩૭ મિનિટે ખતમ થાય છે. |
| ૦૯ | ૨૪ | શનિ | |
| ૧૦ | ૨૫ | રવિ | |
| ૧૧ | ૨૬ | સોમ | |
| ૧૨ | ૨૭ | મંગળ | |
| ૧૩ | ૨૮ | બુધ | |
| ૧૪ | ૨૯ | ગુરૂ | |
| ૧૫ | ૩૦ | શુક્ર | આજે જનાબે ફાતેમા ઝહેરા (સલા.)ની વફાત છે. |
| ૧૬ | ૦૧ | શનિ | આજે ચોથા ઈમામ હઝરત ઝયનુલ આબેદીન (અ.સ.)ની વિલાદત છે, ઉપરાંત આજે હઝરત અલી (અ.સ.)મેં બસરાની લડાઈ ફતેહ કરી છે. |
| ૧૭ | ૦૨ | રવિ | |
| ૧૮ | ૦૩ | સોમ | |
| ૧૯ | ૦૪ | મંગળ | |
| ૨૦ | ૦૫ | બુધ | |
| ૨૧ | ૦૬ | ગુરૂ | |
| ૨૨ | ૦૭ | શુક્ર | |
| ૨૩ | ૦૮ | શનિ | |
| ૨૪ | ૦૯ | રવિ | હઝરત ઈમામે જઅફરે સાદીક (અ.સ.)થી મનકુલ છે કે દરેક માસની પહેલી રાત્રે કોઈ બે રકાત નમાઝ સુન્નતથી એવી રીતે પઢે કે બંને રકાતમાં અલહમ્દ પછી સૂરે અનઆમ પડે. નમાઝ ખતમ કર્યા પછી અલ્લાહ પાસે દોઆ કરે કે ખોફ અને બીમારીથી બચાવે તો તે શખ્સ એ મહીનામાં કોઈ એવી ચીજ નહી જુએ કે જે એની મરજીની વિરૂદ્ધ હોય. |
| ૨૫ | ૧૦ | સોમ | |
| ૨૬ | ૧૧ | મંગળ | |
| ૨૭ | ૧૨ | બુધ | |
| ૨૮ | ૧૩ | ગુરૂ | |
| ૨૯ | ૧૪ | શુક્ર | |
| ૩૦ | ૧૫ | શનિ | |

# જનાબે ફાતેમા ઝેહરા (સલા.)

નામ : હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહે
પિતાનું નામ :હઝરત મોહમ્મદ (સ.અ.વ.)
માતાનું નામ :હઝરત ખદીજા (સલા.)
કુનિયત :ઉમ્મે અબીહા લકબઃ ઝેહરા, ખાતૂને જન્નત.
જન્મ તારીખ :૨૦ જમાદીઉલ આખર હી.સ. ૨, જાન્યુઆરી ૬૧૬.
જન્મ સ્થળ :મક્કા મોઅઝ્ઝમા વફાત :૩ જમાદીઉલ આખર હી.સ. ૧૧ – ૨૬,ઓગષ્ટ ૬૩૨.
દફન સ્થળ : જન્નતુલ બકીઅ,(મદીના મુનવ્વરા)

અલ્લાહે આપ(સ.અ.વ.)ને એક ચંદ્રસમ પુત્રી અર્પણ કરી આપે તેનું નામ ‘ફાતેમા’ રાખ્યું.

બીબી ફાતેમાના મા–બાપ તેની વિલાદતથી ઘણા રાજી થયા. તેમણે આનંદના આ પ્રસંગે એક શાનદાર દાવત પણ કરી. મક્કા વાળાઓએ આ પહેલાં કોઈ પુત્રીના જન્મ પર આવી દાવત નહોતી જોઈ.

નબી (સ.અ.વ.) બીબી ફાતેમાથી ઘણી મહોબ્બત કરતા હતા અને તેનું ઘણું દયાન રાખતા હતા. બીબી ખદીજા (સલા.)પણ પોતાની પુત્રીથી ઘણો વહાલ કરતી હતી. બીબી ફાતેમા (સલા.)નું બચપણ તેમની માના છાયામાં વીત્યું.

બીબી ફાતેમા (સલા.) જ્યારે થોડા મોટા થયા તો તેમણે જોયું કે બાબા જ્યાં જાય છે, કુરેશના બાળકો અને ગુલામો તેમને સતાવે છે અને તેમની ઠેકડી ઉડાડે છે. લોકોની આ ખરાબ વર્તણુંક જોઈને બીબી ફાતેમા (સલા.)નું દિલ બળતું હતું, પણ જ્યારે એ જોતા હતા કે તેની મા તેના બાપની ઘણી સેવા ચાકરી કરે છે અને તેમને દરેક પ્રકારનો આરામ પહોંચાડે છે તો તે ઘણા રાજી થતા હતા.

બીબી ફાતેમા(સલા.) હજી આઠ વરસના હતા કે તેમની મા તેમને છોડીને અલ્લાહની પાસે ચાલ્યા ગયા. માની આ જુદાઈથી તેમના દિલને ઘણો સદમો થયો અને તેઓ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા. નબી (સ.અ.વ.) પણ બીબી ખદીજા (સલા.)ની વફાત પર ધાર ધાર રોતા હતા. કેમકે દુનિયાની કોઈ માએ બીબી ફાતેમા (સલા.)ની મા જેવું કામ નથી કર્યુ.

તેઓ રસૂલે અકરમ (સ.અ.વ.) પર એવે સમયે ઈમાન લાવ્યા હતા જ્યારે બધા લોકો આપ(સ.અ.વ.)ને જૂઠો કહી રહ્યા હતા. તેઓ એક શ્રીમંત ખાતૂન હતા, પણ તેમણે પોતાની બધી મિલકત ઈસ્લામ પર કુરબાન કરી દીધી અને પોતે સંકટોમાં જીવન વિતાવ્યું હતું. તેમણે દરેક દુ:ખ:દર્દમાં રસૂલે અકરમ (સ.અ.વ.)ને સાથ આપ્યો હતો. કદી કોઈ પણ વાતની શિકાયત નહોતી કરી.

બીબી ખદીજા (સલા.)ની પછી, બીબી ફાતેમા (સલા.) પોતાના પિતાની સાર સંભાળ રાખતા હતા. તેઓ દરેક સમયે આપની સેવા માટે તય્યાર રહેતા હતા.

એક દિવસ નબી (સ.અ.વ.) તબ્લીગ કરી રહ્યા હતા કે એક દૂરભાગીએ આપના માથા પર ગંદગી ફેંકી દીધી. જ્યારે આપ ઘરે આવ્યા તો બીબી ફાતેમા (સલા.) આપની આ હાલત જોઈને દુ:ખથી વ્યાકૂળ થઈ ગયા અને દોડીને પાણી ભરીને વાસણ લઈ આવ્યા. તેઓ આપના

માથાની ધૂળ ધોતા જાતા હતા અને રોતા જાતા હતા. બીબી ફાતેમા (સલા.)ને રોતાં જોઈ આપે (સ.અ.વ.) ફરમાવ્યું : રડો નહી, અલ્લાહ તમારા બાપને દુશ્મનોથી બચાવશે અને પોતાના દીનની મદદ કરશે.

એક બીજા પ્રસંગે જ્યારે નબી(સ.અ.વ.) ખાનએ કા'બામાં નમાઝ પઢી રહ્યા હતા, તો કોઈ કાફરે ઊંટની હોજડી લાવીને આપની પીઠ પર નાખી દીધી. બીબી ફાતેમાએ (સલા.) જેવું આ દ્રષ્ય જોયું કે તરત જ દોડતા દોડતા આવ્યા અનેઆપે હોજડી ઉપાડી એક બાજુ ફેંકી દીધી.

બીબી ફાતેમા (સલા.)ને બાળપણમાં રમવા ની તક ન મળવાથી કંઈ નિરસતા નહોતી લાગતી. એ તો બસ એમ ચાહતા હતા કે પોતાના બાપની સેવા કરે અને તેમને આરામ પહોંચાડે. તેમને પોતાના બાપની સારવાર કરવામાં ઘણી શાંતિ મળતી હતી.

જેવી રીતે કોઈ મા પોતાના બાળકનું ધ્યાન રાખે છે, એવી રીતે તેઓ પણ પોતાના બાપનું ઘણું ધ્યાન રાખતા હતા. આ જ કારણે બીબી ફાતેમાને ઉમ્મે અબીહા (પોતાના બાપની મા) કહેવામાં આવે છે.

બીબી ફાતેમા જ્યારથી સમજણા થયા ત્યારથી એ જ જોતા આવ્યા હતા કે નબી (સ.અ.વ.)લોકોને ભલાઈનો રસ્તો અપનાવવાનો અને બૂરાઈનો માર્ગ તજવાનું કહી રહ્યા હતા. ગરીબ અને નબળા લોકો, જેઓ ખૂનના તરસ્યા સરદારોથી તંગ આવી ગયા હતા, આપની વાત માની ઈસ્લામ લઈ આવ્યા હતા. આ જોઈ મક્કાના સરદારો આપના વિરોધી થઈ ગયા હતા. તેઓ ઈચ્છતા નહોતા કે નબી (સ.અ.વ.) લોકોને અક્કલ અને સમજની વાતો બતાવે બલકે એ તો ચાહતા હતા કે લોકો અજ્ઞાન રહે, મૂર્તિઓને પૂજે, અને તેમના ગુલામ બનીને રહે, જેથી એમની સરદારી બાકી રહે.

અલ્લાહની હુકમ મુજબ હઝરત અલી (અ.સ.) સાથે જનાબે ફાતેમા (સલા.)નીનિકાહ થયા.

અલ્લાહે બીબી ફાતેમાને પણ પુત્રો અને પુત્રીઓથી નવાજ્યા હતા. આપના મોટા પુત્રનું નામ હસન (અ.સ.) અને નાના પુત્રનું નામ હુસેન (અ.સ.) હતું. જનાબે ઝયનબ (સલા.) આપની મોટી બેટી અને જનાબે ઉમ્મે કુલસૂમ (સલા.) આપની નાની બેટી હતા. આપ ઘણા લાડ પ્યારથી પોતાના બાળકોને ઉછેરતા હતા. અને તેમને ઈસ્લામની સેવા અને રક્ષણ કરવા માટે મોટા કરી રહ્યા હતા.

અંતે બીબી ફાતેમા (સલા.)ના સારા દિવસો વીતી ગયા. હિજરતના અગ્યારમા વર્ષે રસૂલે અકરમ (સ.અ.વ.) સખત બીમાર પડી ગયા, આપની બીમારી રોજ રોજ વધતી ચાલી ગઈ. એક દિવસ જ્યારે ઘરના બધા જણો ભેગા હતા, રસૂલે અકરમ (સ.અ.વ.)મે બીબી ફાતેમા (સલા.)ના કાનમાં કંઈ કહ્યું તો તે પોક મૂકી રડવા લાગ્યા. થોડી વાર પછી આપે તેમના કાનમાં એક બીજી વાત કહી તો આપ ચૂપ થઈ ગયા અને હસવા લાગ્યા. પછી તરત જ રસૂલે અકરમ (સ.અ.વ.)ની આંખો બંધ થઈ ગઈ.

રસૂલે અકરમ (સ.અ.વ.)ની વફાત પછી લોકોએ બીબી ફાતેમા (સલા.)થી તેમના રોવા અને પછી હસવા વિશે પૂછયું તો તેઓએ કહ્યું:

જ્યારે રસૂલે અકરમ (સ.અ.વ.)મે મને પોતાના મરવાના ખબર આપ્યા તો હું રડવા લાગી, પણ જ્યારે તેમણે મને બતાવ્યું કે તેમના મરવા પછી સૌથી પહેલાં હું તેમને મળવાની તો હું ખૂશ થઈ હસવા લાગી.

રસૂલે અકરમ (સ.અ.વ.)ના દફન પછી

બીબી ફાતેમા (સલા.) પોતાના બાપની કબર પર પછડાઈ અને પોકે પોકે રોવા લાગ્યા.

બીબી ફાતેમા રસૂલે અકરમ (સ.અ.વ.)ની વફાત પછી એટલું રોતા હતા, કે લોકો તેમના રોવાથી કંટાળી ગયા. તેઓએ ઈમામ અલી (અ.સ.)થી કહ્યું કે : રસૂલે અકરમ (સ.અ.વ.)ની પુત્રીને કહો કે યા તો એ દિવસના રોયા કરે યા રાતના. તેમના રાત દિવસ રોવાથી અમારા નિત્ય જીવનમાં અડચણ ઊભી થાય છે. આ પર અલી (અ.સ.)મે બીબી ફાતેમા (સલા.) માટે જન્નતુલ બકીઅમાં એક કમરો બનાવી આપ્યો. બીબી ફાતેમા દિવસના વખતે ત્યાં જઈને કલ્પાત કરતા હતા.

થોડાં જ દિવસોમાં તેમની તંદુરસ્તી નબળી પડી ગઈ અને તેઓ પથારીવશ થઈ ગયા. એક દિવસ જ્યારે બીબી ફાતેમા (સલા.)ની બીમારી ઘણી વધી ગઈ હતી, ત્યારે મુહાજિરો અને અનસારોની ઓરતો તેમનો હાલ પૂછવા અને કુશળતા જાણવા તેમની પાસે આવી. તેઓ હાલ પૂછવા લાગી તો બીબી ફાતેમા (સલા.)મે કહ્યું : 'તમે મારી હાલત શું પૂછો છો? મારી હાલત એ છે કે મેં તમારી દુનિયાથી મોં ફેરવી લીધું છે અને આખેરતની સફરની તૈયારીમાં છું.'

ઈમામ અલી (અ.સ.)મે ફરમાવ્યું કે 'તમે તો અલ્લાહને ઓળખવાવાળી, સત્ય વક્તા અને નેક કામ કરવાવાળી છો. તમે ઘણો સારો સાથ નભાવ્યો છે. તમારી જુદાઈ અમને રડાવશે. અલ્લાહની કસમ ! તમારા જવાથી રસૂલ (સ.અ.વ.)નો ગમ તાજો થઈ જશે. ન તમારા વિખૂટા પડવા પર ધીરજ કરવી આસાન છે અને તમારો બદલ શકય છે. પણ એટલું જ કે જે અલ્લાહની મરજી છે તે જ આપણી મરજી છે.'

પછી બીબી ફાતેમાએ કહ્યું : એ અબુલ હસન (અ.સ.) હું તમને કંઈક વસીયત કરવા માગું છું. શું આપ મારી વસીયત પર અમલ કરશો? ઈમામ અલી (અ.સ.)મે કહ્યું : હું તમારી વસીયત પર જરૂર અમલ કરીશ. ત્યારે બીબી ફાતેમાએ (સલા.)કહ્યું : અય અબૂલ હસન ! હું નથી ઈચ્છતી કે મારા દુશ્મનો મારા જનાઝામાં આવે, કે મારા જનાઝાની નમાઝ પઢે. બીજું એ કે આપ મને રાત્રીના સમયે ગુસલ આપજો, જેથી કરીને જે લોકોએ મારા પર જુલમ તોડયા છે તેમાંથી કોઈ મારા જનાઝામાં કે મારી કબર પર ન આવે. ત્રીજું એ કે મારા બચ્ચાઓનું ધ્યાન રાખજો અને મારી પછી ઓમામાંથી શાદી કરજો, કેમકે તે મારા બચ્ચાઓ પર જાન આપે છે. બીબી ફાતેમા (સલા.) અને હઝરત અલી (અ.સ.) વચ્ચે આ છેલ્લી વાતચીત હતી. તે પછી જનાબે ફાતેમા (સલા.) આ દુનિયાથી વિદાય થઈ ગયા.

જનાબે ફાતેમા (સલા.)ની વસીયત ઉમ્મતની આંખો ઉઘાડવા માટે પૂરતી છે. આ વસીયત પોતાની અંદર ઘણી શિખામણ રાખે છે, પણ એ લોકો માટે જેઓ ઈમાન રાખે છે.

('સચ્ચી કહાનીયા'માંથી સંક્ષિપ્ત)

☆ ☆ ☆ ☆ ☆

# ઈસ્લામી શિક્ષણ

પયગમ્બરે ખુદા (સ.અ.વ.)મે ફરમાવ્યું કે, "અય અબુઝર ! જીભના માટે જરૂરી છે કે તેને સંપૂર્ણ કયદમાં રાખવામાં આવે."

ખરેખર ઈન્સાને પોતાના નફસ પર કાબુ રાખવો જોઈએ, કોઈની બુરાઈ કરવાથી શું ફાયદો!

પયગમ્બરે ખુદાએ (સ.અ.વ.) અબુઝરને ફરમાવ્યું કે, "તમો હિસાબના દિવસ પહેલાં પોતાના નફસનો હિસાબ કરી લ્યો."

એટલા માટે જ પયગમ્બરે (સ.અ.વ.) ફરમાવ્યું કે "અય અબુઝર ! અલ્લાહથી ડરો, લોકોની પરવાહ ન કરો. જ્યારે તમે અલ્લાહથી ડરશો તો લોકો તમારી ઈઝઝત કરશે."

ઈન્સાનથી ડરવાની જરૂરત નથી. જે અલ્લાહથી ડરે છે તે કોઈથી ડરતો નથી અને જે અલ્લાહથી ડરતો નથી તે બધાયથી ડરે છે માટે સારા અમલ કરો. લોકોની બુરાઈ કરવી છોડી આપો. કાલે મૃત્યુ પામશો તો લોકો તમોને કઈ રીતે યાદ કરે એ તમારે વિચારવાનું છે.

"અય અબુઝર માત્ર મોઅમીનોથી દોસ્તી રાખો અને ખાવું પીવું પરહેઝગારોની સાથે રાખો."

ખરેખર મિત્રતા તો મોઅમીન સાથે જ રાખવી જોઈએ. બદમાશ અને લફંગાની સાથે કદી બેઠવું, ઉઠવું ખાવું પીવું ન જોઈએ. એવાઓની સાથે સોહબત રાખવાથી અઝાબમાં ફસાઈ જવાનો ભય રહે છે.

હઝરત ઈરશાદ ફરમાવે છે કે "અય અબુઝર! સારા લોકોની સાથે બેસવું એકાંતથી બેહતર છે. અને એકાંત બુરા લોકોની સાથે બેસવા કરતાં બેહતર છે."

"અય અબુઝર ! જે આ જગતમાં ઝહોદ-પરહેઝગારી ગૃહણ કરશે તેના દિલને અલ્લાહ તઆલા હિકમતથી ભરી આપશે તેની વાચા સત્ય વદનાર હશે તેની સમક્ષ જગતના અયબો અને તેનો ઈલાજ રજુ કરશે. તે દુનિયાથી એવી રીતે મૃત્ય પામશે કે તે સાચી રીતે દારૂસ્લામમાં પહોંચશે.

અય અબુઝર ! જે લોકો ગફલતમાં છે તેની સમક્ષ અલ્લાહનો ઝિક કરવો એવું છે કે યુદ્ધના મયદાનમાં લડાઈ કરવી.

અય અબુઝર ! પ્રત્યેક બોલનારની ઝબાન નઝદીક અલ્લાહ હોય છે, માટે બોલતી વખતે ખાલિકનો ખ્યાલ રાખો.

અય અબુઝર ! અસત્ય વદનારને માટે એટલું જ પુરતું છે કે જે સાંભળે છે તે કહી દે છે.

અય અબુઝર ! જ્યારે કોઈ વ્યક્તિ જંગલમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા મલાએકાને હુકમ કરે છે તેની પાછળ જમાઅતથી નમાઝ અદા કરો અને તેની દોઆ પર આમીન કહો પણ શર્ત એ છે કે એ નમાઝમાં અઝાન અને એકામા કહેવામાં આવી હોય. પણ જો નમાઝ અઝાન એકામા વગરની હોય તો તેમાં માત્ર બે ફરીશ્તાઓ ભાગ લીયે છે.

અય અબુઝર ! બે એવી ટુંકમાં નમાઝ પઢવામાં આવી હોય કે જેમાં ખુલુસ અને એક ધ્યાન અને દિલથી અદા થઈ હોય તે વગર ખુલુસે રાત ભર પઢનારી નમાઝથી બેહતર છે.

અય અબુઝર ! દરેક ચીજને ખરાબીથી રક્ષણ કરનાર નમક છે પણ જ્યારે નમક ખરાબ

થઇ જાય તો પછી કોઇ ઈલાજ નથી."

આ હદીસથી મતલબ આલિમો તરફ ઈશારો છે કે જ્યારે આલિમો જ બે અમલ થઇ જાય તો પછી મઝહબનો અલ્લાહ હાફીઝ છે.

"અય અબુઝર ! અલ્લાહે માલ ભેગો કરવા માટે કયારે પણ વહી કરી નથી. તેણે તસ્બીહો તકદીસની વહી કરી છે. તમારે ઈબાદત ગુઝાર બનવું જોઈએ. સજદો કરી એટલી ઈબાદત કરો કે તમોને યકીને કામિલ થઇ જાય.

અય અબુઝર ! ઝાહેદોને મુબારક થાય કે જે દુનિયામાં લા પરવા થઇ આખેરત તરફ ધ્યાન રાખે, ઝમીન પર બેસે,તેની માટીને પોતાનું બીછાનું સમજે અને તેના પાણીને સારૂં (મીઠુ શરબત) સમજે, અલ્લાહની કિતાબને પોતાની વર્તણુંક (શઆર) બનાવે અને દુઆને પોતાની ઈઝઝત સમજે અને જગતથી દૂર રહે છે.

અય અબુઝર ! હું જુના કપડા પહેરૂં છું, જમીન પર બેઠું છું, સ્વારીના જાનવર પર પલાણ વગર બેસું છું. સાંભળો ! તમે મારા રદીફ (જેવા હું છું તેવા) બનો. મારી સુન્નત પર અમલ કરો જે મારી સુન્નતથી મોઢું ફેરવે તે મારી ઉમ્મતમાં નથી."

મોઅતબર હદીસમાં હઝરતે ઈમામે રઝા (અ.સ.)થી કથન છે કે પહેલાના જમાનામાં ચુગદ ઘરોમાં આવીને રહેતું હતું અને ખાવાના સમયે દસ્તરખાન ઉપર પણ આવી જતું. એ વખતે જે ખોરાક એની સામે ફેંકવામાં આવતો તેને તે આરોગી લેતું. પરંતુ જ્યારથી દુશ્મનોએ હઝરત ઈમામ હુસેન (અ.સ.)ને શહીદ કર્યા ત્યારથી તેણે વસ્તીનો ત્યાગ કરી નિર્જનતામાં, જંગલો અને પહાડો પર એમ કહી વાસ કર્યો કે, "તમો અતિ દુષ્ટ ઉમ્મત છો. તમે તમારા પયગમ્બર (સ.અ.વ.)ના પુત્રને મારી નાખ્યો! હું ભય પામું છું કે તમે કયાંક મને પણ મારી નાખો !"

કેટલીય હદીસોમાં હઝરત ઈમામે જઅફર સાદિક (અ.સ.) થી મનકુલ છે કે, "જ્યારથી હઝરત ઈમામ હુસેન (અ.સ.)ને શહીદ કરવામાં આવ્યા, ચુગદ દિવસના કયારે ય પોતાના ઘરમાંથી બહાર નીકળ્યું નથી. રાત્રે બાહેર નીકળે છે અને એ જ દિવસથી એણે કસમ ખાધી છે કે, વસ્તીમાં વસવાટ નહી કરે. તે દિવસના રોઝા રાખે છે અને ગમગીન રહે છે. જ્યારે રાત છવાય છે ત્યારે તે ઈફતાર કરે છે અને સવાર સુધી હઝરત ઈમામ હુસેન (અ.સ.) ઉપર ગિર્યાઓ ઝારી કરે છે." ◻

## દુનિયાની ઓળખ !

'આ દુનિયાનો ઓવારો ડહોળો અને તેનું તૃપ્તિ સ્થાન કીચડથી ભરેલૂં છે. એનું જાહેર ચિત આકર્ષક અને બાતીન વિનાશક છે. એ એક મટી જનારો દ્રષ્ટિ ભ્રમ છે, અસ્ત પામનારી તેજ પ્રભા, ઓસરતી છાયા અને ભાંગી જનારો સ્તંભ છે. જયારે એના પ્રત્યે નફરત રાખનારો એનાથી દિલ લગાડી લે છે અને અજાણ્યો એનાથી બેફિકર થઇ જાય છે ત્યારે એ એના ભકતોને (ચાહવા વાળાઓને) ઉચકીને જમીન પર પટકે છે અને તેને પોતાની ચુંગાલમાં ફસાવી દે છે અને પોતાના તીરોના નિશાન બનાવી દે છે અને ગળામાં ફાંસા નાંખીને એને સાંકડી અને અંધકારમય કબ્ર અને એકાંત સ્થાન સુધી લઇ જાય છે કે જયાંથી એ પોતાનું (નિયત) સ્થાનનું નિરિક્ષણ કરી લે અને પોતાની કરણીને ભોગવે.'

(હઝરત અલી (અ.સ.)

## માન્યતાનો મૃત્યઘંટ

લેખક: એ.કે. તેજાણી 'મુસવ્વિર' ( પૂને–ભારત)

વિજ્ઞાન, કોમપ્યુટર તેમજ બીજી દરેક પ્રકારની ટેકનોલોજીએ આ વર્તમાન સમયમાં એટલી બધી હરણફાળ ભરવા માંડી છે કે લગભગ ૧૦,૦૦૦ વરસથી આ જગતમાં શરૂ થએલ સંસ્કારી માનવનો ઈતિહાસ તથા તેની જુની પુરાણી માન્યતા કડડભુસ થતી જશે એમાં શંકાને સ્થાન નથી. બસ ફકત બાકી રહેશે ઈસ્લામે વર્ણવેલ અલ્લાહની શકિત કે જે સમગ્ર બ્રહમાંડ પર કાબુ ધરાવી રહેલ છે.

આ કાએનાત પણ તેની એક નિશાની છે અને સાથે તેણે સર્જેલ બુદ્ધિશાળી માનવી પણ તેની શકિતની એક નિશાની છે. પરંતુ આજે તેના આ શ્રેષ્ઠ સર્જને તેનીજ સામે બાથ ભીડવાનું શરૂ કરેલ છે. તેમ છતાં તેનો આ સર્જનહાર તો તટસ્થ બની સઘળુ નીહાળી રહેલ છે અને કહી રહ્યો છે કે તમારી અકકલ વડે નવા નવા સંશોધનો દ્વારા માઅરેફત મેળવીને મને પામી લો.

હા, એટલું યાદ રાખજો કે મારા હબીબે મેઅરાજ અર્થાત ઉંચે અંતરિક્ષ માં સફર કરી અને છેલ્લે મે આમંત્રણ આપ્યું કે મારી નજીક આવો અને મારી શકિતમાં ભળી જાઓ. પરંતુ પોતાની હદ ઓળખી લઈને દોઢ કમાન કે તેથી પણ ઓછા ફાંસલા પર થોભી ગયા કે મારા માલીક હું તો તારો બંદો છું અને તું જ મારો માઅબુદ છો. અને તેના પરિણામ સ્વરૂપ આજે આપણે અલ્લાહની વહેદાનીયતને ઓળખી શકયા છીએ અને એ અનુભવી રહ્યા છીએ કે સમગ્ર વિશ્વ ઉપર તેનો જ કાબુ છે.

આપણો વિષય છે જુદી જુદી માન્યતાઓના મૃત્યુંઘંટનો. દા.ત. આજે જગતના જુદા જુદા ધર્મોમાંથી અમુક માને છે કે પોતાના કર્મ મુજબ માનવી મૃત્યુ પછી ઉંચો કે નીચો દરજજો મેળવી ફરી ફરીને આ દુનિયામાં જન્મ લેતો રહે છે. ફકત ઈસ્લામ જ માનવીના એક જ જન્મમાં માને છે અને પોતાના જીવન દરમ્યાન તેણે કરેલ આમાલ પ્રમાણે ન્યાયના દિવસ સુધી તેની રૂહ બરઝખમાં રહીને આનંદ કે પીડા ભોગવશે. અને કયામતના દિવસે ન્યાય તોળાયા બાદ તેનું જન્નત કે દોઝખનું જીવન શરૂ થશે.

ઈસ્લામે રૂહને માન્ય રાખેલ છે, જયારે બૌધ્ધ ધર્મે તેને નકારી કાઢેલ છે અને તેની માન્યતા છે કે રૂહ કે પુર્નજન્મ જેવું કશું નથી. આવી જાતજાતની વિરોધાભાસી માન્યતાઓ માણસ ધરાવે છે.

તો શું એ શકય છે કે ઈસ્લામ કે બૌધ્ધ ધર્મ પાળનારનો પુર્નજન્મ નહી થાય અને હીંદુ કે પુર્નજન્મ માન્યતા ધરાવતા લોકોનો ફરીથી જન્મ થશે ? પરંતુ વિજ્ઞાનની દ્રષ્ટિએ તો દરેક માનવીની જીવન પ્રક્રિયા અને શરીર સરખા જ છે. તો શું એકની રૂહ ફરીથી જન્મ લેશે અને બીજાની નહી?

એવું શી રીતે બને?

એટલે ૨૧મી સદીમાં ઉપર વર્ણવેલ માન્યતાઓ કડડભુસ થતી જવાની કારણ

કે આજે કલોનીંગ ટેકનોલોજીએ ચમત્કારો સર્જવાનું શરૂ કરેલ છે. તાજેતરમાં એક વૈજ્ઞાનિકે એક મુરઘીના ઈંડામાં બટેરના મગજના જીન્સ પરોવીને મુરઘીનું બચ્ચું પેદા કર્યુ અને મજકુર બચ્ચામાં મુરઘી તથા બટેરનું મિશ્રણ વર્તાય રહ્યું છે. તેનો દેખાવ મુરઘીના પીલા જેવો છે. તફાવત ફકત બે જગ્યાએ છે. તેના પીછાં ઉપર ભુખરી પટટી છે અને તેનો અવાજ બટેર જેવો છે. આ રીતે મગજની બદલી થવાથી આત્મા-પુર્નજન્મના સંસ્કારો વીગેર માન્યતાઓ મરી પરવારતી જોવા મળશે.

મુરઘી બટેરના પ્રયોગો તો ઠીક, પણ હમણાં ફરીથી એક સમાચાર જુની માન્યતાને હચમચાવી મુકે તેવા આવ્યા છે. બ્રીટન ખાતે એક વૈજ્ઞાનિકે એવું કમપ્યુટર બનાવવાનું શરૂ કરેલ છે જે અલ્લાહની નીશાની-આ બ્રહમાંડની ઉત્પત્તિ આજથી ૧૫ હજાર અબજ વર્ષ અગાઉ શી રીતે થવા પામી અને બાઈબલની બીગેબેંગ અર્થાત એક પ્રચંડ ધડાકો થઈને સમગ્ર વિશ્વ અસ્તિત્વમાં આવ્યું એ થીયરી ઉપર સારો એવો પ્રકાશ પડશે. એટલુંજ નહી પણ હવે પછી આ વિશ્વનું શું થશે તેની ભવિષ્યવાણીનો જવાબ પણ આપશે.

આશ્ચર્ય તો એ બાબતનું છે કે મજકુર કમપ્યુટરમાં-સલુની કબ્લ અનતુફએદુની (પુછી લો પુછી લો એ પહેલા કે હું તમારી વચ્ચેથી ગાએબ થઈ જાઉં) ના દાવેદાર હઝરત અલી (અ.સ.)મે નહજુલ બલાગાહમાં વિશ્વની ઉત્પત્તિનો આપેલ સિદ્ધાંત અને હૂબહૂ ચિત્રને ફીડ કરીને વૈજ્ઞાનિકો આગળ વધી રહ્યા છે અને ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના સવાલો આ કૃત્રિમ ભેજા (કમપ્યુટર) પાસે માંગવાના છે કે આ એ વિશ્વ અસ્તિત્વમાં આવ્યું કઈ રીતે. આજે તો જો કે ઘસારો લાગી રહ્યો છે પણ ભવિષ્ય ઉજળું છે કે અંધકારમય ?

એ તો નકકી જ છે કે પેલા કમપ્યુટરમાં એજ જવાબ આવશે કે એક દિવસ આ સઘળુ નાશ પામવાનું છે અને અંતે કયામત આવનાર છે. કારણ કે આ માહિતી તો સાદીક નબીએ (સ.અ.વ.) આપેલ છે અને કીતાબે ખુદામાં તેની સાબીતિ રૂપે પુરો સુરો મોજૂદ છે.

'કસમ ખાઉં છું હું કયામતના દિવસની' (સૂરહ કેયામહ : આયત ન.૧) 'અને દરેક વસ્તુ કે જે તે (જમીન) ઉપર છે તે નાશ પામનાર છે અને તમારા પરવરદીગારની પ્રભાવશાળી જાત (માત્ર) બાકી રહેનાર છે.'

(સુરએ રહેમાન : આયત ન. ૨૬-૨૭)

પરંતુ કેટલાક લોકો આ બાબતમાં શક ધરાવે છે કે ખરેખર સર્વનાશ થઈ જશે! પણ જયારે કમપ્યુટરની ભવિષ્યવાણી જાહેર થશે ત્યારે આ લોકો માનશે એ પહેલા નહી. પરવરદીગારે આલમે તો પોતાની કિતાબમાં માણસને આહવાહન આપેલ છે કે:

'અય લોકો! તમારા આંખ, કાન તથા દીમાગને હંમેશા ખુલ્લા રાખો અને તમને જે કાંઈ બતાડી દેવામાં આવ્યું છે તે બાબતમાં કોઈ વિરોધ કરે તો તેની સાથે ઝઘડવાને બદલે દલીલો દ્વારા તેને સમજાવો. ઈસ્લામના દરેક આદેશો અકકલ ઉપર નિર્ભર છે.' ◻

# માનવી મજબુર કે મુખ્તાર ?

(લેખકઃ સય્યદ મોહમ્મદ દહેલવી (અ.મ.)

ઈન્સાન મજબુર છે કે નહિ આ સવાલ આજે હું શરૂ કરૂં છું. આપણે ત્યાં ઘણા ખરા એમ માનતા નજરે પડે છે કે માણસ મજબુર છે, એ જે કામો કરે છે તે એની કિસ્મતમાં લખાએલા છે. આ ભૂલ એટલા પરથી પેદા થઈ લાગે છે કે માણસ શું કરશે એ વાત અલ્લાહના ઈલ્મમાં છે. આપણે જો માનીએ કે માણસ મજબુર છે તો આપણે માનવું પડશે કે એ તેના કામો માટે જવાબદાર નથી. કારણ કે જે કામો કરવા ન કરવાનું મારા હાથમાં ન હોય તે કામ ખરી રીતે મારા કામો ન ગણાય. છતાં જો આવા કામ માટે સજા કરવામાં આવે તો એ જુલમ કહેવાય.

એક માણસ માલિકના કહેવાથી ચોરી કરે અને પછી માલીક તેને એ ચોરી કરવા માટે સજા કરે તો શું માલિકનું આ કામ ઈન્સાફી ગણાશે? તમે કહેશો કે નહિ.

વળી માણસ મજબુર હોય તો પછી તેના શિક્ષણ માટે નબી મોકલવામાં આવે, આ કરવું તે ન કરવું તેના વિશે તેને આજ્ઞા આપવામાં આવે એનો અર્થ શો ? માણસ શું કરશે, એ અલ્લાહના ઈલ્મમાં છે એ નિશંક છે; પણ તેનાથી માણસ મજબુર હોવાનું નથી ઠરતું.

તમે એક આંધળાને દરીયા કિનારા તરફ આગળ વધતો જુઓ. તમે કહેશો કે એ હવે દરીયામાં પડી જશે. તમારૂં આ જ્ઞાન છે, હવે એ આંધળો દરીયામાં પડીને ડુબી જાય તો તેનું કારણ શું ? તમે કહેવાશો કે તમારૂં જ્ઞાન કહેવાશે ? આજ રીતે તમે શું કરવાના છો એ અલ્લાહના ઈલ્મમાં હોવા છતાં, એ પ્રમાણે તમે છો એવું તેણે ઠરાવ્યું છે એ તમે કહી શકશો નહિ.

ઈસ્લામ આઝાદીનો મઝહબ છે, પણ આઝાદીના ઘણા અર્થ થાય છે. સ્વછંદતા એ પણ એક જાતની આઝાદી છે, અને નિયમોનું બંધન એ પણ આઝાદી છે. ઈસ્લામ જે આઝાદીની તાલીમ આપે છે તે આ બીજા પ્રકારની આઝાદી છે. એટલે કે શર (બુરાઈ)થી બચવું અને ખયરના માર્ગે જાવું કે જેથી જીવન સરળ બને.

તમને કદાચ ખબર નહિ હોય કે ખયરની ખુબી શરના હોવા પરથી જ સમજાય છે. ખયર જયારે માર્ગ છે ત્યારે શર એ માર્ગથી ભટકી જવું છે. તમે જાણો છો કે શયતાનનું કામ શર ફેલાવવાનું છે. એક કથા મારા વાંચવામાં આવી છે. એ સુલેમાન (અ.સ.) અને શયતાનને લગતી છે. વાર્તાના ખરા ખોટા હોવા માટે હું જવાબદાર નથી, રાવી છે. હું તો જેવી વાર્તા મેં વાંચી છે તેવી જ અત્રે રજુ કરૂં છું.

વાર્તા એ છે કે હઝરત સુલેમાને શેતાનના ત્રાસથી કંટાળીને કહ્યું: અલ્લાહ તું શયતાનને કેદ કરી દે કે જેથી તેના ત્રાસથી અમને છુટકારો
મળે. અલ્લાહે જનાબે સુલેમાન (અ.સ.)ની દુઆ કબુલ કરી. શયતાન કેદ પુરાયો. પરીણામ એ આવ્યું કે લોકોની ઈબાદતની વૃતિ વધી ગઈ. જેને જુઓ તે બસ અલ્લાહના ઝીક્રમાં મશગુલ, પત્નિ પતિનો ખ્યાલ નથી કરતી, નોકર શેઠને
ભૂલી જાય છે અને જયારે પતિ પત્નિને પકાવવાનું કહે છે તો એ ઈબાદતની વાત રજુ કરે છે. લોકો એથી ખુબ જ ત્રાસી જાય છે.

હઝરત સુલેમાન (અ.સ.)ને શયતાનને

જંગલી અરબોના દીલ જીતી લીધા હતા. એમની તાલીમનું પરીણામ હતું કે ઈન્સાન ઈન્સાનીય્યતની છેલ્લી પંકિત સુધી પહોંચી શકયો હતો.

નબી અલ્લાહની સીફ્તોના નમૂના રૂપ હોય છે. એ દેખાવમાં માણસ હોય છે. રૂપ આકારની દ્રષ્ટિએ મારા તમારા જેવા એ નજરે પડે છે પણ આપણાથી એ ઘણા ઉંચા હોય છે. કારણ કે બંદાને અલ્લાહ સાથે મીલાવનાર રસ્સી સમાન તેઓ છે.

તમને સુરજ પ્રકાશ આપે છે, શું એ તમારા ઘરે આવે છે ? તમે કહેશો કે ના, તો શું તમે એના ઘરે પ્રકાશ લેવા જાઓ છો? તમે કહેશો કે અમે પણ નથી જતા, ત્યારે તમને સુરજ પ્રકાશ કેવી રીતે આપે છે? તમે કહેશો કે પ્રકાશના કિરણો
ફેંકીને, કિરણોનો એક છેડો તમારા ઘર સાથે જોડાયેલો હોય છે અને બીજો છેડો સુરજ સાથે.

આવી જ રીતે બંદા અને અલ્લાહ વચ્ચે પયગમ્બરો પણ સંબંધ બાંધનાર વાસ્તા સમાન છે. કુરઆનમાં નબીને નૂર કહ્યા છે. એ આ હકીકતને ટેકો આપે છે. ખરેખર નબીઓ અલ્લાહની સીફ્તના આયના અને વિશ્વના આત્મા સમાન હોય છે.

નબીની ઓળખ વિષે હું આગળ ઘણું કહી ગયો છું આજે એજ વાતને હું જુદી રીતે રજુ કરીશ. દરેક પ્રાંતમાં ગવર્નર રહે છે. ખરૂ ને? ગવર્નર હરેક પ્રાંતમાં એક હોય છે. હવે ઘડીભર માટે માની લો કે દસ બાર જણા ગવર્નરનો દાવો કરવા નીકળી પડે છે. આમાંથી એક ગવર્નર અને બાકીના બધા બની બેઠેલા નકલી-ગવર્નરો હશે. પણ આ વાત નકકી કેમ કરવી ?

નકકી કરવાની રીત તો એ છે કે ગવર્નરની પાછા છોડી મુકવાની અલ્લાહને અરજ કરવી પડે છે.

આ વાર્તાને ન જોતાં, પણ એમાં રહેલા મુદ્દા પર વિચાર કરો. જગતમાં નેકીની ખૂબી બૂરાઈ સામે તેની ટકકરમાં છે. માણસ બૂરાઈને તજી ભલાઈ તરફ દોરાય છે. એમાં જ તેને રુહાની ઉન્નતિ હાસલ થાય છે.

શયતાનને અલ્લાહે આગમાંથી અને માણસને માટીમાંથી પેદા કર્યો છે. માટીને જયાં સુધી આગમાં તપાવવામાં ન આવે એ પાકટ નથી બનતી. આ રીતે માણસને પણ શયતાનની લાલચો સામે ઝઝુમવાથી જ પાકટતા મળે છે. બીજા શબ્દોમાં કહું તો શરનો વુજુદ ગૌરવ વધારવામાં સહાયભુત છે.

માણસના માટે નેકીનો નમુનો નબી છે. નબીએ અકરમ (સ.અ.વ.)ની શાન એ ન હતી કે તેઓ પાસે જર-જવાહેરાત, મહેલ મહોલાત હતા. આપણે તેમની તાઝીમ અને ઈતાઅત એટલા માટે નથી કરતા કે તેમના પાસે અઢળક ધન અને સત્તા હતી. આપણે એમને તાઝીમ આપીએ છીએ, એમના સદાચાર, એમની માયા મમતા, એમના સબ્ર અને પ્રેમના માટે નબી લોકોને બોધ આપવા નીકળ્યા તે વખતે એમની પાછળ છોકરા વળગાડયા. આ ગાંડો ગાંડો કહીને (મઆઝલ્લાહ) તેમની પાછળ પડતા અને ખુબ પજવતા.

નબી કયારેક આ પત્થરોના મારથી ઝખ્મી પણ થતાં, છતાં તેઓ આથી જરા પણ ખીજાતા નહિ; ઉલ્ટું કે બોધ આપવાનું પણ છોડતા નહિ. તેઓ કહેતા આ લોકોની હું સેવા કરી શકયો નથી. ખુદાયા એમને તું પકડતો નહિ; એ બિચારા હું કોણ છું તે નથી જાણતા, એમની તું હિદાયત કર.

આ અખ્લાક હતો કે જેનાથી તેઓએ

નિશાનીઓ છે તે જેની પાસે હોય તે ગવર્નર બાકી બધા ખોટા. ગવર્નરની મુખ્ય નિશાનીઓ પહેલા તો હું ગણાવી જાઉં. પહેલાં તો તે એક હોવો જોઈએ. બીજી એ કે તે ગવર્નર હાઉસમાં આવીને રહે, એના દરવાજે પહેરો હોવો જોઈએ કે બંડખોરો, દુશ્મનો, કે બદમાશો તેના પર હુમલો કરી ન શકે. સરકારની બધી સત્તા અને સેના તેના કબ્જામાં હોવી જોઈએ. એ પોતાની પહેલાં આવી ગએલા ગવર્નરના કામમાં સુધારો વધારો કરતો હોવો જોઈએ.

અલ્લાહના પયગમ્બરની ઓળખ માટે પણ કંઈ આવી જ નિશાનીઓ હોય છે. એના અખ્લાક, એનું જ્ઞાન અજોડ હોવા જોઈએ, એના પાસે બૂરાઈઓ ફરકી શકતી ન હોવી જોઈએ, એટલે કે બૂરાઈઓ સામે પહેરો હોવો જોઈએ, કુદરતના ખજાનાની ચાવી એના હાથમાં હોવી જોઈએ અને કુદરતની શકિતઓ પર એનો કાબુ હોવો જોઈએ. અલ્લાહના ઘર કાબામાં જતો હોવો જોઈએ.

તમે જે પયગમ્બરને જોશો તેમાં આ નિશાનીઓ નજરે પડશે. તેઓ માસુમ હતા. કુદરતના ખજાના પર તેમનો કબ્જો હતો. બૂરાઈથી અલ્લાહ એમનું રક્ષણ કરતો હતો. પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.) માટે કુરઆનમાં છે કે હે નબી ! તું ગભરા નહી. બૂરા લોકોથી અમે તારૂ રક્ષણ કરશું. આમાં અલ્લાહ પયગમ્બરને બુરા માણસોથી બચાવવાનું વચન આપે છે.

એક કહેવત છે કે 'કાગડો કાન લઈ ગયો.' તો તેની પાછળ પડયા, જોયું નહિ કે ખરેખર કાગડો કાન લઈ ગયો છે કે નહિ. આપણી પણ આજે આવી હાલત છે. આપણે એ જોતા નથી કે જે ખુદાઈ પુરૂષ હોવાનો દાવો કરે છે તેમાં ખુદાઈ સીફતો છે કે નહિં.

આ સંબંધમાં એક વાત હું કહ્યા વગર રહી શકતો નથી. મુસલમાનોમાં જન્મ કુંડળી, જન્મોત્રી કઢાવવાનો રિવાજ ખુબ પ્રચલીત થઈ ગયો છે. ભાગ્યે જ કોઈ એવું ઘર હશે, જેમાં જન્મોત્રી નહિ નીકળે. જયોતિષી પંડિતો કહે છે કે માણસના જન્મ વખતે જે ગૃહની અસર હોય તે ગૃહની જન્મનાર બાળકના જીવન પર અસર પડે છે. આ હીસાબે પંડિતો એ બાળકની જન્મોત્રી તૈયાર કરે છે. આપણે તેના પર આસ્થા રાખીએ છીએ. ભલેને હજારો વાતો તેમાંથી ખોટી ઠરે. છતાં આપણી આસ્થા ડગમગતી નથી. ભલા એ પંડિતો શું જન્મોત્રી તૈયાર કરવાના હતા?

જન્મોત્રી તો તેઓ જ દોરી શકે કે જેઓ ગ્રહોનું સીધું જ્ઞાન ધરાવે છે. અહીં હું એક રિવાયત કહી લઉં. એકવાર હઝરત અલી (અ.સ.) જંગ પર જઈ રહ્યા હતા. એક જયોતિષ શાસ્ત્રીએ તેમને કહ્યું, આજે તમારા ગ્રહ જરા મોળા છે. જંગ પર ન જાઓ તો સારૂં. મૌલા કહે તે કેમ જાણ્યું? એટલે તેણે કહ્યું ગ્રહોની ચાલની ગણતરી પરથી, મોલાએ ત્રાણ તારાઓના નામ આપી તેમની ચાલ વીશે પુછયું. આ ત્રાણ તારાઓનું પેલા જયોતિષ શાસ્ત્રાને જ્ઞાન ન હતું. એટલે મોઢું વકાસીને તે ઊભો રહી ગયો. તો ભાઈઓ! ગ્રહની ચાલને ખરી રીતે જાણનાર તેઓ જ હોઈ શકે જે બ્રહ્માંડનો ભેદ જાણતા હોય.

આપણી કમનસીબી છે કે આપણે ઈસ્લામથી બહુ દૂર જઈ પડયા છીએ. આપણે સાચા ખુદાઈ પુરૂષોને ભૂલી જઈ નકલી લોકોને અલ્લાહના સાચા બંદા ગણવા માંડયા છીએ. રેસની ટીપ કે સટ્ટાનો નંબર આપનારને આપણે હવે વલી ગણીએ છીએ.

એ વલીઓની ભવિષ્યવાણીની રીત

ખરેખર અનોખી છે. એમને પુછવામાં આવતાં તેઓ અમુક રીતે હાથ પગ કે માથું હલાવે કે કંઈક ગણગણાટ કરે છે. લોકો એના ફાવતા અર્થ કરે છે. હવે જો તેઓ જીતે તો બાવાની કરામત અને હાર્યા તો બાવા સાહેબના ઈશારા સમજવામાં તેમની ભૂલ. પાગલપણાની આ ખરેખર હદ થઈ કહેવાય.

પણ આનું કારણ આપણી સ્વાર્થ વૃતિ છે. આપણે ઈબાદતમાં પણ સ્વાર્થ શોધીએ છીએ. કેટલાય માણસો નમાઝ શરૂ કરી બેચાર માસ પઢી પછી મુકી દે છે તેનું કારણ પણ એજ છે. તેઓ નમાઝ પોતાની હાજત પુરી થવા કે કમાણીમાં બરકત થવા માટે પડે છે. તેમ ન થાય તો તેઓ નમાઝ મુકી દે છે. એમને તમે પુછશો તો એ જવાબ આપશે ભાઈ ! આટલા દીવસ નમાઝ પડી તેથી શો લાભ થયો.

અલ્લાહે આપેલી નેઅમતના શુકના તરીકે નહિ પણ સ્વાર્થ સાધવાને જ આપણે ઈબાદત કરીએ છીએ. હું નથી કહેવા માંગતો કે નમાઝથી આપણી કમાઈમાં બરકત નથી થતી, પણ મારૂં કહેવું છે કે ખરી ઈબાદત તો એ હતી કે જેનો મૌલા અલી (અ.સ.)ના કથનમાં ઈશારો છે કે હે અલ્લાહ ! તું ઈબાદતને લાયક છો એટલે ઈબાદત કરૂં છું, નહિ કે જન્નતની લાલચ કે દોઝખના ભયથી.

આજે આપણે ખરી આઝાદી ગુમાવી બેઠા છીએ તેનું કારણ એ છે કે આપણે ખરા હાદીઓને ઓળખવાનું છોડી દીધું છે. અને ઈસ્લામ જે વાતો મીટાવા આવ્યો હતો અને જે આદતો આપણામાંથી દૂર કરવા માગતો હતો તેજ આપણે આપણી અંદર દાખલ કરવા લાગ્યા છીએ.

આથી જ હું કહું છું કે ખુદાઈ પુરૂષોને ઓળખી તેમના પગલે ચાલો કે દુનિયા અને આખેરત બન્નેમાં તમે સર્ફરાઝ થાઓ. ◻

## સ્ત્રીઓ

“ હે લોકો ! સ્ત્રીઓ ઈમાનમાં નાકિસ (ઊણપ ધરાવતી), હિસ્સાઓમાં નાકિસ અને અક્કલમાં પણ નાકિસ હોય છે. ઈમાનમાં ઊણપ હોવાની સાબિતી એ છે કે રૂતુ સ્ત્રાવના દિવસોમાં એમણે નમાઝ, રોઝા છોડી દેવા પડે છે. હિસ્સાઓમાં નાકિસ હોવાનો પુરાવો એ છે કે વારસામાં એમનો ભાગ પુરૂષો કરતા અડધો હોય છે. અક્કલમાં નાકિસ હોવાનો સબુત એ છે કે બે સ્ત્રીઓની સાક્ષી એક પૂરૂષની સાક્ષી બરાબર છે. એટલે બૂરી સ્ત્રીઓથી બચતા રહો અને સારી સ્ત્રીથી પણ ચેતતા રહો.”

(અમીરૂલ મોઅમેનીન અ.સ.)

# અલ્લાહની હુજ્જત    સંકલન : અમીરઅલી શમશીર

"દરેક જીવ મૃત્યુનો સ્વાદ ચાખનાર છે; અને કયામતના દિવસે તમને માત્ર તમારી (કરણીઓ) ના પ્રમાણમાં જ બદલો આપવામાં આવશે; માટે જે કોઈ જહન્નમની આગથી બચાવી લેવામાં આવ્યો અને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો તો ખરેજ તેનું કાર્ય સિદ્ધ થયું; અને આલોક (દુનિયા)નું જીવન ધોકો આપનાર વૈભવ સિવાય બીજું કાંઈ જ નથી."

(સૂરએ આલે ઈમરાન, આયત: ૧૮૪)

'અલ્લાહે તમારા માટે કાન બનાવ્યા કે જેથી અગત્યની અને આવશ્યક વાતો સાંભળીને યાદ રાખો. વળી એણે તમને આંખો આપી કે જેથી અંધકાર અને અંતરના અંધાપામાંથી નીકળી જઈ તેજ આપનાર અને પ્રકાશ પુરક બનો. તેમજ અલ્લાહે બીજી મોટી નેઅમતો અને ઉપકારવશ બનાવનારી બક્ષીસો અને સલામતીઓની દિવાલો ઉપરાંત એવા શરીરના જુદા જુદા અંગો મુકયા છે કે જેમાંના દરેકના ઘણાં ઉપાંગોના રૂપ આકાર તેમજ અવસ્થાની મુદ્દત એ અંગોને અનુયુકત બનાવી છે.

તમને એવા શરીરો સાથે જોડી દીધા છે કે જે પોતાની જરૂરીયાત પુરી કરે છે અને એવા દિલો તેમાં મુકયા છે કે જે પોતાનો રૂહાની ખોરાક શોધવામાં પ્રવૃત રહે છે. એણે તમારા આયુષ્યની મુદ્દત નકકી કરી દીધી છે અને એના જ્ઞાનથી તમને વંચિત રાખ્યા છે.

વળી પૂર્વે થઈ ગયેલા લોકોના સાચા વૃતાંતોને તમારા માટે બોધપાઠ રૂપે જાળવી રાખ્યા છે. એવા લોકો (ના દાખલાઓ) કે જે પોતાના ભાગ્ય લેખોનો સ્વાદ માણી રહ્યા હતા અને સ્વછંદાચારી જીવન ગાળી રહ્યાં હતા. તેમની અભિલાષાઓ પુરી થાય એ પહેલાં જ મોતે એમને ઝડપી લીધા અને આયુષ્યના હાથોએ તેમને તેમની એ અભિલાષાઓથી દૂર કરી દીધા! એ તંદુરસ્ત હતા એ સમયે તેમણે કંઈ પણ સામાન કર્યો નહિ અને જવાનીના દોરમાં બોધપાઠ કે શિખામણ અંતરે ધરી નહિ.

શું ભરપુર જવાનીવાળાઓ કમર ઝુકાવી દેનાર બુઢાપાની રાહ જોઈ રહ્યાં છે ? આ તંદુરસ્તીની તાઝગી ભોગવનારા શું તુટી પડનારી બીમારીઓની વાટ જોઈ રહ્યાં છે ? આ જીવનની મોજ માણનારા શું વિનાશની ઘડીઓ નિરખી રહ્યાં છે ?

જયારે પ્રસ્થાનની ઘડી અને કુચનો સમય નઝદીક આવશે ત્યારે (મોતની પથારી પર) વ્યથાની વ્યગ્રતા, સંતાપ, તેમજ દુ:ખની બેચેની અને ગળામાં થુંકના ગળફા બાઝેલા હશે વળી સગા સંબંધીઓને મદદ માટે ફરિયાદો કરતા અહિં તહિં પાસા બદલવાનો સમય આવી ગયો હશે.

તો શું એ કુટુંબીજનોએ મોતને રોકી દીધું કે રડનારીઓ (ના રૂદન) થી કંઈ લાભ થયો ? એને તો કબ્રસ્તાનમાં એક સાંકડા ખૂણામાં જકડી બાંધીને એકલો છોડી દેવામાં આવ્યો છે. સાંપ અને વિછીઓએ એની ચામડીને ચારણી જેમ વિંધી નાખી છે. (ત્યાંની) પાયમાલીઓએ એની તાઝગીને નષ્ટ કરી દીધી છે. આંધીઓએ એના અવશેષો

પણ ઉડાડી દીધા તથા આકસ્મિક બનાવોએ એના નિશાનો પણ મિટાવી દીધા છે. હાડકા સડી ગયા છે. રૂહો (પાપના) બોજાઓ તળે દબાઇ ગઇ છે. ગેબની ખબરો પર યકીન કરી ચૂકયા છે પણ (હવે) એમના માટે ન તો સદકર્મોમાં વધારો કરવાનો કોઇ માર્ગ છે ન દુષ્કર્મોથી તોબા કરવાની કોઇ ગુંજાઇશ.

એ મરી જનારાઓના તમે પુત્ર, પિતા, ભાઇ કે નિકટના સંબંધીઓ નથી ? આખરે તો તમારે પણ હુબહુ એમના જેવીજ સ્થિતિઓનો સામનો કરવાનો છે. એમનીજ રાહ પર પથગામી થવાનું છે. એમણે વટાવેલા ધોરી માર્ગોજ વટાવવાના છે. છતાં દિલોને હજીય નેકીના આનંદો સાથે મેળ નથી કે હિદાયતની ખેવના નથી.

ખોટા મેદાન તરફજ તેઓ તો જઇ રહ્યા છે. કેમ નહિ જાણે કે (હિદાયત અને નેકીના બાબત) અન્ય મુરાદ અને સંબંધિત છે ! કેમ નહિ જાણે કે દુનિયા મેળવી લેવી એજ એમના માટે ખરો માર્ગ છે ?!

યાદ રાખો! તમારે સિરાત પાર કરવી છે અને એવા માર્ગો (વટાવવાના છે) કે જયાં કદમો ડગમગવા લાગે છે. પગો પહોળા થઇ જાય છે અને ડગલે પગલે ત્યાં ભય તથા આફતના ખતરાઓ છે.

(માટે) અલ્લાહથી એવી રીતે ડરો કે જેવી રીતે એ દાનો માણસ ડર રાખે છે કે જેના દિલને (આખેરતના) વિચારોએ અન્ય વસ્તુઓથી શુન્ય મનસ્ક કરી દીધુ હોય અને ખોફે એના દેહને શ્રમ અને સંતાપમાં નાખી દીધો હોય. તેમજ નમાઝે શબે થોડી ઘણી ઉંઘને પણ જાગરણમાં બદલી દીધી હોય. વળી સવાબની આશામાં (રોઝાઓ રાખવાના કારણે) એના દીવસની તપ્તી મધ્યાનહો પ્યાસમાં વિતતી હોય. ઝોહદ અને વિરકતી એની ખ્વાહિશોને પ્રતિરોધી હોય, અલ્લાહના ઝિક્રમાં એની જીભ નિરંતર પ્રવૃત હોય. ખતરાઓ આવ્યા પહેલા તેમનાથી તે ચેત્યો હોય. આડી અવળી કેડીઓને તજીને એણે (હકની) સીધી રાહ અખત્યાર કરી લીધી હોય. નિયત સ્થાન-પંથ પર આવવાનો સીધો માર્ગ પકડી લીધો હોય.

ન એને સુખદ ભ્રમણાઓએ ફેરફુદુડીમાં ભમાવ્યો હોય કે ન સંદેહયુકત વાતોએ એની આંખો પર પડદો નાખ્યો હોય કે બશારતની ખુશીઓ અને નેઅમતોની આસાએશો પામીને મીઠી નિંદની મોજ માણતો અને સુખચેનથી દીવસો પસાર કરતો હોય.

તે (અલ્લાહથી ડરનાર) દુનિયાની સંક્રાંતી સ્થાનને પ્રસંશનીય આચાર સાથે વટાવી ગયો અને આખેરતની મંઝિલે પુન્યો સાથે પહોંચ્યો (ત્યાંના) ખતરાઓને લક્ષે રાખી એણે નેકીઓ તરફ કદમ લંબાવ્યા અને સરસતાઓ માટે આ જીવન સંગ્રામમાં ઝડપી ગતિએ ચાલ્યો. આખેરતની તલબમાં મનના ભાવ અને એકાગ્રતા સાથે પ્રગતિ કરતો રહ્યો, બુરાઇઓથી ભાગતો રહ્યો. આજના દીવસે કાલનો ખ્યાલ રાખ્યો અને આગળની આવશ્યકતાઓ માટે અગમચેતી રાખી.

બક્ષીસો અને અતા માટે જન્નત તથા સજા અને અઝાબ માટે જહન્નમથી વિશેષ શું હોઇ શકે ? વળી સનદ અને હુજજત બનીને આપણી વિરૂદ્ધ સામે આવવામાં કુરઆનથી વિશેષ શું હોઇ શકે ?' □

(હઝરત અલી અ.સ.)
('નહજુલ બલાગાહ'માંથી)

□□□□□

# ફ્રાન્સ (રીયુનીયન)માં અશ્રએ અવ્વલની મજલીસો પઢી વતન પહોંચેલા હાજી 'સલિલ'

રીયુનીયન: વિશ્વ વિખ્યાત વાએઝીન અલ્હાજ મુનવ્વર 'સલિલ' એસોસીએશન ખોજા શિઆ ઈસ્નાઅશરી જમાતના આમંત્રણથી ફ્રાન્સ (રીયુનીયન)માં હીજરી સન ૧૪૩૧ની ઈતિહાસીક અઝાદારી કરી વતન પહોંચી ગયા છે.

આસપાસની જમાતો સાથે મુખ્ય (નોર્થ) ની જમાતમા પંદરસો સભ્યોએ મજલીસો–માતમ–નવહાને યાદગાર અઝાદારી બતાવી હતી.

મુખ્ય જમાતના પ્રમુખ અલ્હાજ અલી હુસેન નાસીરની ખિદમતો સાથે તેમની કમિટિના ૧૫ કાર્યકરો જે એકતા–સબર–સહનશીલતા સાથે દીને ઈસ્લામના પ્રચાર માટે ખાસ ગુજરાતી ભાષામાં શિક્ષણો અપાય છે એ બીજી જમાતો માટે દાખલારૂપ છે, સાથે માજી પ્રમુખો, મંત્રીઓ અને કારોબારી સભ્યોની સાથે મળીને કાર્યો કરવાની ધગશ કદરનું પ્રતિબિંબ છે.

હાજી તકી જીવણ અને જ. મુસ્તફા,જ. શબ્બર, જ.અનીલ, જ.ગુલામ અબ્બાસ ઉપરાંત નવયુવાનોનો સાથ–સહકાર જમાતની પ્રગતી માટે ખાસ કારણ છે .

લેડીઝ કમિટિની ચેરમેન પણ બહેનોની સેવામાં ખાસ ખિદમત આપે છે. માડાગાસ્કરથી ખાસ મુલ્યાણીને દાવત આપવામાં આવી હતી. સવારે નમાઝ તથા ઝોહરૈન અને મગરેબયન બાજમાઅત થાતી હતી. ૮મી મહોર્રમના બહારથી આવેલા સ્થાનિક આલિમોએ બે હજારના મજમા સાથે પોતાની તકરીરમાં અલ્હાજ મુનવ્વર 'સલિલ'ની મઝહબી સેવાઓ તથા તેમની મજલિસોને યાદગાર કહી 'સય્યદુઝઝાકેરીન' નો લકબ આપ્યો હતો. ૧૧ મોહર્રમના જમાત પ્રમુખ તરફથી અલ્હાજ મુનવ્વર 'સલિલ' તથા ઝાકેરા ફાતમાબાઈ, નજહાખ્વાન 'શાન' અને પેશ નમાઝ જ. મુખ્તારનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો.૧૦ મોહર્રમના ફ્રાન્સ રીયુનીયનના જવાબદારોએ જૂલૂસની ખાસ દેખરેખ રાખી અલમ અને માતમદારો સાથે અઝા અને નવહાથી સભર જૂલૂસ પાણીની સબીલ સાથે નીકળ્યું હતું. દરરોજ બપોરે તથા રાત્રે મજલિસ બાદ ન્યાઝ (જમણ)ની વ્યવસ્થા ખાસ નોંધનીય હતી. ◻

## ડોનેશન

કરાંચી: 'રાહેનજાત'ના શુભેચ્છક અને વાંચક જનાબ યુસુફઅલી વાડીયા તરફથી રાહે પુસ્તક પ્રકાશન અર્થે રૂા. ૫૦૦/–(રૂપિયા પાંચસો) મળેલ છે. આભાર. (કાર્યાલય)

## અગત્યનો ખુલાસો...

હીજરી સન ૧૪૩૧ના રબીઉલ અવ્વલ મહીનાનું મજકુર ઉપરોકત પાના વાળુ મેટર શર્તચૂકથી પ્રગટ થઈ શકયુ નહોતુ એટલે ફરી પ્રગટ કરી રહ્યા છીએ. આશા છે કે વાંચકો દરગુજરથી કામ લેશે. (કાર્યાલય)

# જનાબે હુર (અ.સ.)નું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત

## (-જનાબ મોહમ્મદઅલી 'ગાફિલ')

૫

ગતાંકથી....

પછી આપે હુરના તરફ જોઈને કહ્યું કે દોઢ ઈંચની અલગ મસ્જિદ બનાવી તમારી ફોજની સાથે નમાઝ અદા કરવા ચાહતા હો તો એમ કરી શકો છો. તો હુરે વિનંતી કરી કે હું આપની પાછળ નમાઝ પઢીશ. તે સમયે ઈમામ હુસેન (અ.સ.)એ નમાઝીઓની ઈમામત ફરમાવી. ઈમામના કાફલાવાળાઓએ તેમજ હુર અને તેના ફોજના તમામ સિપાહીઓએ ઈમામની પાછળ નમાઝ પઢી.

નમાઝ બાદ ઈમામ (અ.સ.) પોતાના અસ્હાબની સાથે ખયમાંની અંદર તશરીફ લઈ ગયા. હુર પણ પોતાના ખયમાંમાં ચાલ્યો ગયો. એના પણ ખાસ અસ્હાબ એની આજુબાજુ જમા થઈ ગયા. બાકીની ફોજ પણ પોતપોતાની જગાએ ચાલી ગઈ. દરેક સિપાહી પોતાના ઘોડાની લગામ પકડી ઘોડાના જ સાયામાં બેસી ગયા.

આમ અસરની નમાઝના સમય સુધી બધા બેઠા રહ્યા, જેથી અસરની નમાઝ બાદ તરતજ રવાના થઈ શકાય. હઝરતે પણ પોતાના કાફલાવાળાઓને સફર માટે તૈયાર રહેવાનું કહી દીધું. પછી અસરની નમાઝ થઈ, જેમાં બેઉ પક્ષના લોકોએ ઈમામ હુસેન (અ.સ.)ની ઈમામતમાં નમાઝ પઢી, નમાઝ પૂર્ણ કર્યા બાદ ઈમામ (અ.સ.)એ નમાઝીઓની તરફ રૂખ કરી અને ખુત્બો ઈરશાદ ફરમાવ્યો :

'અગર તકવા-પરહેઝગારી ધારણ કરશો અને હકદારોનો હક ઓળખશો તો અલ્લાહની રઝામંદી પ્રાપ્ત કરી શકશો. હકીકતમાં અમો એહલે બૈતે રસૂલ (સ.અ.વ.) ઈસ્લામી ઉમ્મતના ફરમાનરવાઈના એ લોકોથી વધારે મુસ્તહક-હકદાર છીએ, જે આજે આ પદવી-ખિલાફતના ખોટા દાવેદાર છે અને મુસલમાનો પર સિતમ કરે છે, પરંતુ જો તમે અમોને નાપસંદ કરતા હો અને અમારા હકનો સ્વીકાર ન કરતા હો તેમજ મારા આ મશ્વેરાના વિરુદ્ધ હો જે તમારા પત્રો અને સંદેશાવાહકોના બયાનથી જાહેર થાય છે તો હું પાછો ચાલ્યો જઈશ.'

(તિબરી જિલ્દ ૬ પેજ નં. ૨૨૮ ઈરશાદ પેજ નં. ૨૩૫/૨૩૬)

હવે હુરની ખામોશી તૂટી એણે કહ્યું : "અમને તો બખુદા ખબર પણ નથી કે આ પત્રો કેવા છે ? જેના આપ હવાલા આપી રહ્યા છો. હુરે કહ્યું અમે એ લોકોમાંથી નથી કે જેમણે તમોને આ પત્ર લખ્યા છે, ન માનો કે આમાં કોઈ પત્ર હશે. મને તો ઈબ્ને ઝિયાદનો હુકમ છે કે જ્યાં પણ આપની મુલાકાત થાય હું આપથી જુદો ન થાઉં અને આપને ઈબ્ને ઝિયાદની પાસે લઈ જાઉં." આ સાંભળી ઈમામ (અ.સ.)એ જોરથી કહ્યું કે, "મોત તમારા માટે આનાથી વધારે નિષ્ટતર સાબિત થશે." (અલ-અખ્બાર અતવાલ પેજ નં. ૨૪૮, તબરી જિલ્દ ૬ પેજ નં. ૨૨૮ ઈરશાદ પેજ નં. ૨૪૬)

આટલું કહી આપે આપના લશ્કરને હુકમ આપ્યો કે સવારી પર સવાર થઈ જાઓ. બધાય સવાર થઈ ગયા અને એહલે બૈત (અ.મુ.સ.) તથા પરદાદાર ખાતૂનો સવાર થઈ જાય તેની વાટ જોતા ઊભા રહ્યાં, જ્યારે તેઓ પણ સવાર થઈ ગયા તો બધાએ મક્કા તરફ પાછા જવાનો ઈરાદો કર્યો કે જ્યાંથી પહેલાં આ તરફ આવ્યા હતા. હુરના ઈશારાથી

હુરની ફોજ માર્ગ રોકીને ઊભી રહી ગઈ.

હુરે ઈમામ હુસેન (અ.સ.)ના ઘોડાની લગામ પકડી લીધી તો હઝરતે ફરમાવ્યું : "તકલતોક ઉમ્મોક મા તોરીદો : અય હુર ! તારી મા તારા માતમમાં બેસે, તારો શો ઈરાદો છે ?" આ સાંભળી ગયરતના લીધે હુરને ગુસ્સો આવ્યો અને કહેવા લાગ્યો, અગર બીજા કોઈએ મારી માનું નામ લીધું હોત તો હું પણ જવાબમાં એની માનું નામ લેત, પરંતુ આપના માતુશ્રી તો રસૂલે ખુદાની બેટી છે, તતહીરના માલિક છે. એમનું નામ તો માન, અદબ, તાઝીમ અને તહારત વિના લઈ શકાતું નથી."

તો હઝરતે કહ્યું : "તો હવે તારૂં શું કહેવું છે ?" હુરે કહ્યું કે, "હું ચાહું છું કે આપને ઈબ્ને ઝિયાદની પાસે લઈ જાઉં." આપે કહ્યું : "હું હરગિઝ નહી આવું." તો હુરે કહ્યું કે, "તો હું પણ આપને અહીંથી જવા નહી દઉં."

આમ ત્રણ વખત રકઝક થઈ. પછી હુરે કહ્યું: મૌલા ? "મને આપથી લડવાનો હુકમ નથી. બસ આજ હુકમ છે કે હું આપની સાથે રહું અને આપને કૂફા પહોંચાડી આપું. હવે જ્યારે આપ કૂફા જવા રાજી નથી તો ન્યાયની દ્રષ્ટિએ આજ રસ્તો બાકી રહે છે કે આપ ત્રીજો માર્ગ ધારણ કરો કે જે ન તો કૂફા જતો હોય ન તો મદીના જતો હોય. હું ઈબ્ને ઝિયાદને એહવાલ પાઠવું છું જે જવાબ આવશે તેના પર હું અમલ કરીશ. તમે પણ ચાહો તો યઝીદ અથવા ઈબ્ને ઝિયાદને પત્ર લખી શકો છો. અજબ નહી કે અલ્લાહ મને આપની સાથે લડવાથી બચાવી લે."

ત્યારબાદ આપે કૂફા જવાનો નિર્ણય કાયદેસર તર્ક કરી દીધો, એટલે કે આની પહેલા રસ્તાને બદલી નાખવા પછી પણ આપનું રૂખ કૂફા તરફ હતું. પરંતુ હવે કૂફા જવાનો વિચાર સુદ્ધાં દિમાગમાંથી કાઢી નાખ્યો. એના બાદ આપે આપના અસ્હાબની સામે જે ખુત્બો મંઝિલે ઝોબાલા પર ઈરશાદ ફરમાવ્યો હતો, એવો જ એક ખુત્બો અમૂક બાબતો ઊમેરીને ઈરશાદ ફરમાવ્યો : જેમાં હમ્દો સનાએ ઈલાહીના બાદ ફરમાવ્યું :

"અત્યારે જે પરિસ્થિતિ સામે આવી છે જે તમો જોઈ રહ્યા છો. યકીનન દુનિયાનો રંગ બદલાઈ ગયો છે અને નેકી વિદાય થઈ ચૂકી છે અને એમાં કંઈ પણ બાકી નથી રહ્યું, સિવાય એવા થોડા ભાગનું કે જે પાણીના વહી જવા બાદ કોઈ વાસણમાં રહી જાય છે અને એક તુચ્છ જિંદગીના જેવી કે જે ઝેરીલા ઘાસના જેવી હોય છે. શું તમો નથી જોતા કે હક પર અમલ નથી થતો અને બાતિલથી અલાહેદગી ઈખ્તિયાર કરવામાં નથી આવતી. આ સૂરતમાં મોમિન યકીનન અલ્લાહની મુલાકાતનો આરઝૂમંદ હોય છે, મારી નઝદીક તો મોતની સૂરતમાં શહાદતના જેવી નેઅમત છે; અને આ જાલિમોની દરમિયાન જિવંત રેહવું વબાલે જાન છે."

આ ખુત્બાનો હેતુ માત્ર અસ્હાબનું અંજામની તરફ ફરી એક વેળા ધ્યાન દોરીને એમને પોતાના ઈરાદાઓની મજબૂતી બાબતે ફરીવાર સોંચ–વિચાર કરવાનું આમંત્રણ આપવાનો જ હતો એક કહી શકાય છે; અને આ માટે જરૂરત હતી કે આ પ્રવચન સાંભળી અસ્હાબની તરફથી નિય્યતોનું નિખાલસપણું અને ઈરાદાની મજબૂતીનો ઈકરાર અને ખરેખરો ઈઝહાર કરી દેવામાં આવે.

જેમકે ઈમામ (અ.સ.)નું પ્રવચન પૂર્ણ થતાં જ ઝુહેર બિન કયન ઊભા થઈ ગયા અને આ ખ્યાલની બિના પર કે હું આ જમાઅતમાં નવો નવો શામિલ થયો છું. એ માટે મને આવા પ્રસંગો પર સબકત–પહેલ કરવાનો અધિકાર નથી અન્ય અસ્હાબથી આ શબ્દોમાં પોતાના વિચારો દર્શાવતા રજા ચાહી કે તમે લોકો પ્રથમ પ્રવચન કરશો યા હું મારા વિચારો દર્શાવું ? તો બધાએ કહ્યું કે નહી તમે પ્રવચન કરો.

ઝુહેરે હમ્દો સનાએ ઈલાહીના બાદ કહ્યું:

"અલ્લાહ આપ સૌને પોતાના મકસદ સુધી પહોંચાડે. અય ફરઝંદે રસૂલ (સ.અ.વ.) ! અમોએ આપનું વ્યાખાન સાંભળ્યું. બખુદા દુનિયા અગર અમારા માટે હંમેશા બાકી રેહવાવાળી હોત પરંતુ એનાથી જૂદા થવું માત્ર આપની નુસરત અને હમદર્દીના કારણસર હોત, તો પણ અમે આપનો સાથ દેવાને દુનિયામાં હંમેશા કયામ-બાકી રેહવા પર બરતરી આપતે." આ સાંભળી ઈમામ (અ.સ)એ ઝુહેરને દુઆએ ખયર આપી અને એના ખુલુસની પ્રશંસા કરી.

(તિબરી જિલ્દ નં. ૬ પેજ. ૨૨૯)

એના બાદ નાફેઅ બિન હિલાલ જમલી ઊભા થયા અને એમણે નીચે મુજબ પુરજોશ ભાષણ કર્યું:

"ફરઝંદે રસૂલ (સ.અ.વ.) ! તમો જાણો છો કે આપના જદ્દે બુઝુર્ગવાર (રસૂલ સ.અ.વ.)ના માટે પણ આ બાબત શકય નથી બની કે લોકોને પોતાની મુહબ્બત ઘોળીને પીવરાવી દે અને લોકો હઝરતની એ રીતે ફરમાબરદારી કરવા લાગે કે જે રીતે હુઝૂર (સ.અ.વ.) ચાહતા હતા. હઝરતના સાથીઓમાં ઘણાય મુનાફિક હતા જે આં હઝરતથી મદદના વાયદા કરતા હતા, પરંતુ દિમાગમાં ગદારીના વિચારો ભરેલા રાખતા હતા. તેઓ વાતો તો એવી કરતા હતા જે મધથી વધારે મીઠી લાગતી, કિન્તું કિરદાર-અમલથી વિરૂદ્ધતા એવી આચરતા જે હદ ઉપરાંત કડવી સાબિત થતી, એટલે સુધી કે હુઝૂર (સ.અ.વ.)ની વફાત થઇ ગઇ.

એના પછી આપના પૂજ્ય પિતા હઝરત અલી (અ.સ)ને પણ આવાજ સંજોગોમાંથી પસાર થવું પડયું, અમુક લોકો એમની મદદ માટે સહમત થયા અને તેઓ એમનો સાથ દેવા સાથે નાકેસીન વ કાસેતીન વ મારેકીન (જમલ સિફ્ફીન અને નહેરવાનવાળાઓ)થી જંગ કરી અને અમુક લોકોએ વિરૂદ્ધતા કરી. એટલે સુધી કે હઝરતની શહાદત થઇ ગઇ અને આજે અમારી સામે આપના માટે એજ સૂરત-વાતાવરણ નજર સમક્ષ છે. માટે જે શખ્સ પોતાના કરેલ અહદ-બયઅતને તોડશે અને નિય્યતને ખરાબ કરશે, તે પોતાનું જ અહિત કરશે અને અલ્લાહ આપને એનાથી લાપરવા કરી દેશે, બિસ્મીલ્લાહ, અમોને લઇને ખયરો ખૂબીની સાથે ચાલો. ચાહે પૂર્વના તરફ કે ચાહે પશ્ચિમના તરફ. અમો બખુદા અલ્લાહના નક્કી કરેલા ફેંસલાથી ભયભીત નથી અને ન પોતાના રબની મુલાકાત (મોત)થી અણગમો રાખીએ છીએ. અમો અમારી નિય્યતો અને એઅતેકાદો પર કાયમ-અણનમ છીએ મવાલાત (વિચારોની સાથે સહમત હોવું) રાખીએ છીએ તે શખ્સથી જે આપની સાથે મવાલાત રાખે અને દુશ્મન છીએ એના કે જે આપનાથી દુશ્મની રાખે."

પછી બુરેર બિન ખઝીરે હમદાનીએ પ્રવચન કર્યું : "અલ્લાહની કસમ, અય ફરઝંદે રસૂલ (સ.અ.વ.) ? અલ્લાહનો અમારા પર એહસાન છે કે એણે અમોને આ મોકો આપ્યો કે અમો આપની નજર સામે (રૂબરૂમાં) જંગ કરીએ અને આપની મદદના સિલસિલામાં ભલેને અમારા શરીરના અવયવોના ટૂકડે ટૂકડા કરી દેવામાં આવે. એટલે સુધી કે આપના જદ્દે બુઝુર્ગવાર કયામતના દિવસે અમારી શફાઅત કરે, કેમકે તે જમાઅત કયારેય નજાત (મોક્ષ) નથી પામી શકતી, જેણે પોતાના નબીના નવાસાને તેગથી શહીદ કરી નાખ્યા હોય અને વાય હો એના માટે તેઓ અલ્લાહને શું મોઢું દેખાડશે અને એમનો શું હાલ થશે એ દિવસે જ્યારે તે જહન્નમની ભડભડતી આગમાં શોરો ગુલ અને ફરિયાદ કરતા હશે."

(તિબરી જિલ્દ ૬ પેજ નં. ૨૯૯)

(ક્રમશ) (સંક્ષિપ્ત) (ઈન્શાઅલ્લાહ)

# તફસીરે નમૂના (૩૭)

(ભાષાંતર: 'નિશાત' નૂરાની સાહેબ)

## (સૂરા બકરહ)

વ ઈઝ વાઅઁદના મૂસૉ અરબઈન લયલતન્ સુમ્મત્તખઝતોમુલ્ ઈજ્લ મિમ્ બઅદેહી વ અન્તુમ્ ઝાલેમૂન૦૫૧

સુમ્મ અફવના અન્કુમ્ મિમ્ બઅદે ઝાલેક લઅલ્લકુમ્ તશ્કોરૂન૦૫૨

વ ઈઝ આતયના મૂસલ્ કિતાબ વલ્ ફુર્કાન લઅલ્લકુમ્ તહ્તદૂન૦૫૩

વ ઈઝ કાલ મૂસા લે કવમેહી યા કવમે ઈન્નકુમ્ ઝલમ્તુમ્ અન્ફોસકુમ્ બિત્તેખાઝેકોમુલ્ ઈજ્લ ફ તૂબૂ એલા બારેએકુમ્ ફક્તોલૂ અન્ફોસકુમ્; ઝાલેકુમ્ ખયરુલ્ લકુમ્ ઈન્દ બારેએકુમ્ ફ તાબા અલયકુમ્; ઈન્નહૂ હોવત્ તવ્વાબુર્ રહીમ૦૫૪

તરજૂમો :

અને (યાદ કરો એ સમયને) જ્યારે અમે મૂસા (અ.સ.)થી ચાલિસ રાતોનો વાયદો કર્યો. (અને તેઓ તમારાથી જુદા થઈ ચાલિસ રાતો માટે વાયદાના સ્થળે આજ્ઞાઓ લેવા આવ્યા) તો તમે વાછરડાને (પોતાના મઅબૂદ તરીકે) ચુંટી લીધો. જોકે આ કાર્યથી તમે (પોતાના જ ઉપર) અત્યાચાર કરી રહ્યા હતા. (૫૧)

પછી અમે તમને આ કામ પછી માફ કરી દીધા કે કદાચ તમે હવે નેઅમતોનો આભાર માનો. (૫૨)

વળી, (યાદ કરો એ સમયને) જ્યારે મેં મૂસાને કિતાબ આપી—જે સાચ જૂઠ પારખવાનું સાધન હતું—કે કદાચ તમે હિદાયત મેળવો. (૫૩)

અને (એ સમય પણ) જ્યારે મૂસાએ પોતાની કવમને કહ્યું: કે અય કવમ ! તમે વાછરડાની ચુંટણી કરી તમારા પોતા પર જુલ્મ કર્યો છે. તૌબા કરો, અને પોતાના સર્જનહાર પાસે રજૂ થાવ. અને તમારા સગાઓને કતલ કરો. તમારા પરવરદિગારની બારગાહમાં આ કામ તમારા માટે વધારે સારૂં છે. પછી અલ્લાહે તમારી તૌબા કબૂલ કરી લીધી કેમકે તે તૌબા કબૂલ કરવાવાળો દયાનિધિ છે. (૫૪)

તફસીર:

આ ચાર આયતોમાં બની ઈસરાઈલના ઈતિહાસના એ ભરપૂર બનાવના એક અંગની તરફ ઈશારો કરવામાં આવ્યો છે. અને યહૂદીઓને યાદ અપાવરાવ્યું છે કે આ આયતો યહૂદીઓના લાંબા ઈતિહાસમાં તેઓની એક મોટી અવળી ચાલના વિશે ચર્ચા કરે છે. અને તે છે મૂળ તવહીદથી શિર્ક અને ગવપૂજાના અવળા માર્ગે તેમનો પ્રવાસ.

તેમને ચેતવણી આપવામાં આવી છે કે તમે ઈતિહાસમાં એક વખત ફસાદખોરોના ગુમરાહ કરવાના કારણે આવી સખત વર્તણુંક આચરી ચૂકયા છો. હવે જાગૃત થાવ અને શુદ્ધ તવહીદનો માર્ગ ઈસ્લામ; અને કુરઆન મારફત તમારી સામે ખોલવામાં આવ્યો છે તેને ભૂલો નહીં.

આ આયતો હઝરત મૂસા (અ.સ.)ના તૂર પહાડ તરફ જવાના બનાવ તરફ નિર્દેશ કરે છે. જે ચાલિસ રાત દિવસમાં પૂરો થયો. અને આ આયતો બતાવે છે કે તેમની ગેરહાજરીમાં બની ઈસરાઈલ કેવા ગવપૂજામાં પડી ગયા. વળી

હઝરત મૂસા (અ.સ.)નું હિદાયતની કિતાબ સાથે પાછા ફરવું, બની ઈસરાઈલની નવા પ્રકારની તૌબાનો મસઅલો અને અલ્લાહના તરફથી તેના સ્વીકારનું વર્ણન કરે છે.

પહેલા કહે છે એ સમયને યાદ કરો જ્યારે અમે મૂસાની સાથે ચાલિસ રાતોનો વાયદો કર્યો.

જ્યારે તેઓ તમારાથી છૂટા પડયા અને ત્રીસ રાતોની મુદ્દત ચાલિસ થઈ ગઈ તો તેમના જવા પછી તમે વાછરડાને પોતાના મઅબૂદ તરીકે ચુંટી લીધો. જ્યારે કે આ કાર્યથી તમે પોતાના પર જુલ્મ કરી રહ્યા હતા.

આ બનાવની વિગત સૂરા અઅરાફની આયત ૧૪૨થી પછી અને સૂરા તાહાની આયત ૮૬થી પાછળ સુધી આપ વાંચશો. જેનો સાર આ છે :

બની ઈસરાઈલ ફિરઓનીઓથી મૂક્તિ મેળવ્યા પછી અને ફિરઓન અને તેના ચેલાઓ ડુબી ગયા પછી હઝરત મૂસા (અ.સ.)ને આજ્ઞા મળી કે તવરેતની પાટીઓ લેવા ત્રીસ રાત તૂરના પહાડ પર જાય. પણ પાછળથી લોકોની પરીક્ષા માટે દસ રાતનો વધારો કરવામાં આવ્યો.

સામરી જે એક પ્રપંચી અને ધોકાબાજ માણસ હતો તેણે આ તકને ઝડપી લીધી અને બની ઈસરાઈલ પાસે જે સોનું અને જવેરાત હતા જે ફિરઓનીઓના હાથથી બચી જવા પામ્યા હતા, તેને પીગાળીને એક વાછરડો બનાવ્યો જેમાંથી એક ખાસ પ્રકારની અવાજ સાંભળવામાં આવતી હતી. તે બની ઈસરાઈલને તેની ઈબાદત અને પૂજાની દાવત દેતો હતો. બની ઈસરાઈલની એક મોટી સંખ્યા તેની સાથે મળી ગઈ.

હઝરત હારૂન (અ.સ.) જે હઝરત મૂસા (અ.સ.)ના ભાઈ હતા અને તેમના પ્રતિનિધિ હતા એક લઘુમતિ સાથે તવહીદના દસ્તૂર પર વળગી રહ્યા. તેઓએ આ લોકોને આ માર્ગથી રોકવાની ઘણી કોશિશ કરી પણ રોકાયા નહીં. બલકે નોબત ત્યાં સુધી કે પહોંચી કે હઝરત હારૂનને મારી નાખવા તય્યાર થઈ ગયા.

હઝરત મૂસા (અ.સ.) જ્યારે તૂર પર્વતથી પાછા ફર્યા અને આ વિચિત્ર પરિસ્થિતિ નિહાળી તો તેમને ઘણું દુ:ખ થયું અને આઘાત લાગ્યો. તેમણે એ લોકોને લાનત અને ઠપકો આપ્યો ત્યારે તેઓનું ધ્યાન તેમના દુરાચરણ તરફ ગયું અને તૌબા (પ્રાયશ્ચિત) કરવા લાગ્યા. હઝરત મૂસા (અ.સ.)એ તેમની સામે એક નવા પ્રકારની તૌબા મૂકી. જેનું વિગતવાર વર્ણન હવે પછીની આયતમાં આવશે.

આગળની આયતમાં અલ્લાહ કહે છે, આવા મોટા ગુનાહ પછી પણ અમે તમને માફ કરી દીધા કે કદાચ તમે મારી નેઅમતોનો શુક્ર અદા કરો.

આ ચર્ચાને ચાલુ રાખતા કહે છે : આ ઉપરાંત એ સમય પણ યાદ કરો જ્યારે અમે મૂસાને કિતાબ અને સાચું ખોટું પરખવાનું સાધન આપ્યું, જેથી તમારી હિદાયત થઈ જાય.

શકય છે કે કિતાબ અને ફુરકાન બંનેથી મુરાદ તવરેત જ હોય અને એ પણ શકય છે કે કિતાબથી આશય તવરાત હોય અને ફુરકાનથી આશય એ મોઅજિઝો હોય જે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા(અ.સ.)ના અખત્યારમાં આપ્યા હતા. (કેમકે ફુરકાનનો મૂળ અર્થ એ વસ્તુ જે હકને બાતિલથી ઈન્સાન માટે તારવી દે)

આ પછી આ ગુનાહથી તૌબાના

અનુસંધાનમાં કહે છે, અને યાદ કરો એ સમયને જ્યારે મૂસાએ પોતાની કવમને કહ્યું એ કવમ તમે વાછરડાને પસંદ કરી તમારા પોતા પર જુલ્મ કર્યો છે. હવે જો આમ થઈ ગયું છે તો તૌબા કરો અને પોતાને પેદા કરનાર પ્રતિ વાપસ ફરો. બારીનો અર્થ છે ખાલિક (પેદા કરનાર) હકીકતમાં તેનો અર્થ છે એક વસ્તુને બીજી વસ્તુથી છુટું પાડવું. ખાલિક મખ્લૂકાતને મૂળ પદાર્થથી અને એક બીજાથી અલગ કરે છે એટલે એ તરફ ઈશારો છે કે આવી સખત તૌબાનો હુકમ એ જ ઝાત આપી રહી છે જેણે તમને પેદા કર્યા છે. તમારી તૌબા એવી હોવી જોઈએ કે તમે એક બીજાને કતલ કરો. આ કામ તમારા માટે તમારા ખાલિકની બારગાહમાં વધારે સારૂં છે. આ બનાવ પછી અલ્લાહે તમારી તૌબા કબૂલ કરી લીધી જે તૌબા કબૂલ કરવાવાળો અને દયાળું છે.□

(સંક્ષિપ્ત) (ક્રમશ) (ઈન્શાઅલ્લાહ)

## કુરઆની આયતો જાગ્રતી માટે...

કુરઆનની આયતો આજના ઈન્સાનો માટે પણ અન ભાવિ પેઢી માટે પણ જબરજસ્ત ચેતવણી છે અને ખતરાની ઘંટી છે. આ આપણા માટે પણ છે અને બધી આવનારી નસલો માટે પણ કેમકે અલ્લાહની સુન્નતમાં અપવાદ અને વિશેષતાનો કોઈ અર્થ નથી.

આજનો ઈન્સાન જેને એક ઉદ્યોગી અને યાંત્રિક ઈન્સાન કહેવામાં આવે છે પોતાના બધા સામર્થ્ય (બધી શકિત)અને બળો છતાં, જે તેણે ઘણી મહેનતો અને પ્રયત્નો પછી મેળવ્યા છે, ધરતી કંપના એક આંચકા, તોફાન અને ઝાપટા, વર્ષાદની એક થપ્પડ અને આ પ્રકારની બીજી આસમાની આફતો આગળ એટલો જ નિર્બળ અને અશકત છે, જેટલો ઈતિહાસના આરંભ પહેલાના કાળમાં હતો. એવી જ રીતે એ દર્દનાક અઝાબ અને બુરા અંજામ જેનો સામનો પહેલાની ઉમ્મતોના જાલિમો અને ઘમંડીઓ, કામવાસનામાં મસ્ત ઈન્સાનોને કરવો પડયો હતો, આજના ઈન્સાનથી પણ દૂર નથી.

બલ્કે અત્યારે ઈન્સાનને જે શક્તિ અને તાકત મળી ગઈ છે એના આધારે તે પોતે પોતાના વિનાશ અને અઝાબનું કારણ બની શકે છે અને આ જ ઈલ્મ અને તાકત તેને અંતે એક એવા યુદ્ધ તરફ લઈ જઈ રહી છે જેના કારણે ઈન્સાની વંશ નાશ થઈ જવાનો સંભવ છે, શું ઈન્સાને આ બનાવોથી ધડો ન લેવો જોઈએ અને જાગૃત ન થવું જોઈએ ?! □

# શફાઅતનો ખરો ભાવાર્થ

'શફાઅત' શબ્દ 'શફઅ'માંથી નીકળ્યો છે, જેનો અર્થ જોડ અને એક વસ્તુને બીજી વસ્તુથી જોડવાનો છે. તેનાથી ઊલટું છે 'વિતર' જેનો અર્થ છે એકી અને એકલો છે કોઈ ઊંચી અને બળવાન વ્યક્તિને નિર્બળની સાથે મદદ માટે મળી જાવાને માટે પણ આ શબ્દ વપરાય છે. આ શબ્દ લોક ભાષા અને શરીઅતમાં બે અલગ અર્થોમાં વપરાય છે.

(૧) લોક ભાષામાં શફાઅતનો અર્થ એ છે કે શફાઅત કરવાવાળો પોતાના સ્થાન, વ્યક્તિત્વ અને લાગવગનો ફાયદો ઉપાડી પોતાની નીચેના લોકો માટે સઝા વિશે તાકતવર શખ્સનું દ્રષ્ટિ બિંદુ બદલી નાખે. એવી જ રીતે પોતાની લાગવગથી કામ લેવું જ્યારે તે શફાઅત ચાલતી હોય અથવા લોકો તેનાથી ડરતા હોય અથવા કોઈ પર ભેટ સોગાત વડે અસર નાખવી અથવા કદી અપરાધીના ગુનાહ અને સઝાની યોગ્યતા વિશે વિચાર ધારાને બદલી નાખવી વિગેરે.

સારાંશ એ કે આ શફાઅતથી ગુનેહગાર કે આરોપીની રૂહ અથવા વિચારમાં કોઈ ફેરફાર નથી થતો બલકે બધી અસરો અને ફેરફારનો સંબંધ એ શખ્સથી થાય છે જેની પાસે શફાઅત અથવા સિફારિશ કરવામાં આવે છે. (વિચાર કરો)

મઝહબી દ્રષ્ટિએ આવી શફાઅતનો કોઈ અર્થ નથી કેમકે, અલ્લાહને તો ભ્રમ નથી થતો કે તેના દ્રષ્ટિ કોણને ફેરવી શકાય. ન તો તે માનવ સહજ લાગણીઓ ધરાવે છે કે તેને ઉત્તેજી શકાય ન કોઈની લાગવગથી તે ભયભિત બને છે કે ન તેની સઝા અને અઝાબ ન્યાય સિવાય બીજી કોઈ ધરી પર પરિભ્રમણ કરે છે.

(૨) શફાઅતનો બીજો અર્થ એ છે જે મઝહબી મૂળ ગ્રંથો અને ઉત્પત્તિ સ્થાનોમાં મવજૂદ છે. જેનો મકસદ એ શખ્સમાં ફેરફાર કરવાનો છે જેની સિફારિશ કરવામાં આવી છે. અર્થાત જે શખ્સની સિફારિશ થઈ રહી છે. તેણે એવા સાધનો પેદા કર્યા છે કે તે આ અણછાજતી સ્થિતિમાંથી બહાર નીકળી આવ્યો છે, જેના કારણે તે સઝાને પાત્ર હતો. અને શફીના સાથે સંબંધના કારણે પોતાની જાતને ગમતી પસંદ કરવા લાયક સ્થિતિમાં ઢાળી ચૂકયો છે જેના કારણે તે એ લાયક અને હકદાર થઈ ગયો છે કે તેને માફ કરી દેવામાં આવે. જેમકે આપણે જોશું કે આવી શફાઅત પર ઈમાન રાખવું એક ઊંચી કેળવણી શાળા છે. ગુનેહગાર અને સંડોવાએલા લોકોની સુધારણા, જાગૃતિ અને અગમ ચેતીનું સાધન છે.

આપણે જોશું કે બધા વાંધાઓ, નૂકતાચીની અને હુમલાઓ શફાઅતની પહેલી વ્યાખ્યા પર થાય છે અને બીજી પર નહીં જે એક તાત્વિક, બુધ્ધિપ્રદ અને કેળવણી દાયક ભાવાર્થ છે.

શફાઅતના બે રુપોની આ સંક્ષિપ્ત વ્યાખ્યા

હતી જેમાંની એક ગુનાહ પર પરદો નાખવો બીજી ઈન્સાનની સુધારણા અને કેળવણી કરવાની છે.

(૨) સ્થૂળ જગતમાં શફાઅત :

જે કંઈ અમે ખરી અને તાત્વિક શફાઅત વિશે કહ્યું છે તેનો અનુભવ શરઈ જગત ઉપરાંત સ્થૂળ જગતમાં પણ થઈ શકે છે. આ જગતની શક્તિઓ અને પરિબળો અશક્ત બળોથી મળી જાય છે અને તેને સુધારણા આશયોના રસ્તે લઈ જાય છે. સૂરજ ચમકે છે. વરસાદ વરસે છે, બી ધરાના ગર્ભમાં રાખવામાં આવે છે જેથી તે પોતાની આંતરિક ક્ષમતાને કામમાં લાવે અને પ્રથમ જીવનની કુંપણોને જમીન બહાર મોકલે. એવી રીતે કે દાણાના ફોતરાનું આવરણ ચીરવામાં આવે, ધરતીના અંધાર પટમાંથી માથું બહાર કાઢવામાં આવે અને આસમાનની તરફ આગળ વધવામાં આવે જેનાથી તેણે કુવ્વત મેળવી છે.

જીવનના પ્રવાસમાં આ બધી વસંતો હકીકતમાં જગતની શફાઅતનો એક પ્રકાર છે. જો આ પ્રકારની શફાઅતના નીરક્ષણથી આપણે દીની જગતમાં પણ તેને માનવા લાગીએ તો આપણે સીધો માર્ગ ગ્રહણ કર્યો છે,

(૩) શફાઅતની સમજણો :

કુરઆને મજીદમાં શફાઅતના વિષયમાં આ વિષયની લગભગ ત્રીસ ઠેકાણે વાત કરવામાં આવી છે. અલબત્તા આ વિષય સિવાય પણ તેની ચર્ચાઓ અને તરફ સંકેતો મવજૂદ છે.

એ આયતો જે કુરઆનમાં આ મસઅલા વિશે છે; કેટલાક વિભાગોમાં વહેંચાઈ છે.

૧. એ આયતો જે સદંતર શફાઅતનો ઈન્કાર કરે છે.

દાખલા તરીકે :

કોણ છે જે ખુદાની પાસે તેની રજા વિના શફાઅત કરે ! (સૂ.બકરહ – ૨૫૫)

અને

તેના દરબારમાં કોઈને શફાઅતથી ફાયદો નહીં થાય પણ તેને જેના માટે છૂટ આપવામાં આવે. (સૂ.સબા–૨૩)

(૪) એ આયતો જેમાં એ શખ્સની શરતો બયાન કરવામાં આવી છે જેના માટે શફાઅત કરવામાં આવનારી છે. કેટલીક વાર અલ્લાહની મરજીને શરત ઠેરવવામાં આવી છે.

વલા યશફઊન ઈલ્લા લેમનિરતઝા

(અંબીયા ૨૮)

આ આયત મુજબ શફાઅત કરવાવાળો માત્ર તેની શફાઅત કરી શકે છે જે ઈરતઝાનું સ્થાન ધરાવતા હોય અર્થાત અલ્લાહની બારગાહમાં સ્વીકૃતિના સ્થાને પહોંચેલા હોય.

કયારેક અલ્લાહને ત્યાં વચન પ્રતિજ્ઞાની શરત ઠેરવવામાં આવી છે. (અર્થાત તવહીદ પર ઈમાન અને નબીઓને ખરી રીતે ઓળખવા) દાખલા તરીકે :

લા યમલેકૂનશ શફાઅત ઈલ્લા મનિત્તખઝ ઈન્દર રહમાને અહદા

(સૂ.મરયમ–આ. ૮૭)

કેટલીક વખત શફાઅત મેળવવાની

યોગ્યતાને કેટલાક ગુનેહગારોથી કુંઠિત કરી લેવાનું એલાન કરવામાં આવ્યું છે. દાખલા તરીકે નીચેની આયતો ઝાલિમોથી શફાઅત કુંઠિત કરી લીધાનું એલાન છે :

ત્યારે ઝાલિમોનો ન કોઈ સાચો મિત્ર હશે ન એવો સિફારિશી જેની વાત માનવામાં આવે.

(સૂ.મોમિન–આ.૧૮)

વલા યકબલો મિનહા શફાઅતુન.

આ આયતોમાં ગુનેહગારો માટે ઈમાન અને નેક આમાલ વગર મૂક્તિ માર્ગનો ઈન્કાર કરવામાં આવ્યો છે. તે ચાહે સ્થૂળ બદલાથી હોય કે સંબંધોની બુન્યાદ પર, પહેલાની દોસ્તીના કારણે હોય અથવા શફાઅતના મસઅલાના હવાલાથી બલકે કેટલાક ગુનેહગારો માટે તો છે:

શફાઅત તેમને કોઈ લાભ નહીં પહોંચાડી શકે (સૂ.મુદ્દસ્સર, આ. ૪૮)

(૨) એ આયતો જે ફકત અલ્લાહને શફીઅ ઠરાવે છે.

તે (અલ્લાહ) સિવાય તમારો કોઈ વલી અને શફીઅ શફાઅત કરનાર નથી.

(સૂ.સિજદા, આ. ૪)

અને કહો કે બધી શફાઅતો અલ્લાહ માટે ખાસ છે. (સૂ.ઝુમર– આ. ૪૪)

(૩) એ આયતો જે શફાઅતને અલ્લાહની રજા અને આજ્ઞા સાથે શરત રાખે છે.

કોણ છે જે અલ્લાહની પાસે તેની રજા વિના શફાઅત કરે ! (સૂ.બકરહ–આ. ૨૫૫)

અનેતેના દરબારમાં કોઈને શફાઅતથી ફાયદો નહીં થાય પણ તેને જેના માટે છૂટ આપવામાં આવે. (સૂ.સબા– આ. ૨૩)

(૪) એ આયતો જેમાં એ શખ્સની શરતો બયાન કરવામાં આવી છે જેના માટે શફાઅત કરવામાં આવનારી છે. કેટલીક વાર અલ્લાહની મરજીને શરત ઠેરવવામાં આવી છે.

વ લા યશફૂન ઈલ્લા લેમનિરતઝા

(સૂ.અંબિયા–આ. ૨૮)

આ આયત મુજબ શફાઅત કરવાવાળો માત્ર તેની શફાઅત કરી શકે છે જે ઈરતઝાનું સ્થાન ધરાવતા હોય અર્થાત અલ્લાહની બારગાહમાં સ્વીકૃતિના સ્થાને પહોંચેલા હોય.

કયારેક અલ્લાહને ત્યાં વચન પ્રતિજ્ઞાની શરત ઠેરવવામાં આવી છે. (અર્થાત તવહીદ પર ઈમાન અને નબીઓને ખરી રીતે ઓળખવા) દાખલા તરીકે :

લા યમલેકૂનશ શફાઅત ઈલ્લા મનિત તખઝ ઈનદર રહમાને અહદા

(સૂ.મરયમ–૮૭)

કેટલીક વખત શફાઅત મેળવવાની યોગ્યતાને કેટલાક ગુનેહગારોથી કુંઠિત કરી લેવાનું એલાન કરવામાં આવ્યું છે. દાખલા તરીકે નીચેની આયતો ઝાલિમોથી શફાઅત કુંઠિત કરી લીધાનું એલાન છે :

ત્યારે ઝાલિમોનો ન કોઈ સાચો મિત્ર હશે ન એવો સિફારિશી જેની વાત માનવામાં આવે.

(સૂ.મોમિન–આ.૧૮)

('તફસીરે નમૂના'માંથી સાભાર)

◆ ◆ ◆ ◆ ◆

## દુનિયામાં શું બળ્યું છે

ઈબ્ને હસનથી શિક્ષણ દુનિયાને આ મળ્યું છે
રાહે ખુદામાં મૃત્યું મધથી વધુ ગળ્યું છે.
કરબોબલામાં એનું ઘર ઝાલિમોએ લુટયું
રૂહુલ અમીને દળણું જેના ઘરે દળ્યું છે.
પ્યાસા ગયા છે જગથી કવસરના શાહઝાદા
પાણીની આબરૂ પર પાણી ફરી વળ્યુ છે.
ઉંચકી છે લાશે અકબર લગઝિશ નથી પગોમાં
હા વિશ્વ થરથર્યું છે, હા અર્શ ખળભળ્યું છે.
ઉમ્મે રૂબાબ ! તારા અસગર સિવાય કોઈ
સરિતા–કિનારે પ્યાસું બાળક ન ટળવળ્યું છે.
નિશ્ચિત મને સવારે મવલાના ખોળે સુતા
આશુર શબનું હુરને શું જાગરણ ફળ્યું છે.
ખેંચી રહી છે દિલને કરબોબલાની ધરતી
બાકી તો રહેવા જેવું દુન્યિામાં શું બળ્યું છે.
આરામ, ચેન, રાહત એને ન ફાવવાના
દર્દે હુસેન સાથે જેનું હૃદય હળ્યું છે.
આલે નબીને એ તો ચાહી નથી જ શકતો
કે દીન સાથે જેના દિલમાં કુફ્ર ભળ્યું છે.
ઝહેરાનું બચ્ચે બચ્ચું આવ્યું છે કામ 'આસિફ'
ઈસ્લામ સાથે જયારે પણ કુફ્ર આફળ્યું છે.

(–જનાબ આસિફ મીર્ઝા)

## જૂઠની વ્યાખ્યા...

'એક શખ્સ રસૂલ કરીમ (સ.અ.વ.)ની સેવામાં હાજર થયો અને પૂછયું યા રસૂલલ્લાહ! દોઝખીઓનો કિરદાર કેવો છે ? આપે ફરમાવ્યું: ખોટું બોલવું. કેમકે જ્યારે કોઈ શખ્સ જૂઠ બોલે છે તો તે સત્યથી દૂર થઈ જાય છે અને જ્યારે કોઈ સત્ય (હક)થી દૂર થઈ જાય છે તો કાફર થઈ જાય છે. અને જ્યારે કાફર થઈ જાય છે તો દોઝખમાં દાખલ થઈ જાય છે.

એક શખ્સે રસૂલે ખુદા (સ.અ.વ.)થી પૂછયું: શું મોમિન વ્યભિચાર (ઝિના) કરે છે, આપે ફરમાવ્યું : એમ થવું શકય છે. તેણે અરજ કરી તો શું મોમિન ચોરી કરે છે ? આપે ફરમાવ્યું : હા એ પણ શકય છે. તેણે પુછયું : તો શું મોમિન જૂઠ બોલે છે ? આપે ફરમાવ્યું : નહીં. અલ્લાહ તઆલાનું ફરમાન છે કે જૂઠું એ જ બોલે છે જેઓ ઈમાન નથી રાખતા.

અમીરૂલ મોમેનીન (અ.સ.)નું ફરમાન છે કે ઈન્સાન ત્યાં સુધી ઈમાનની મજા માણી નથી શકતો જ્યાં સુધી તે જૂઠોને ન ત્યાગે. ચાહે તે હસી મજાકમાં હોય કે જાણી બૂજીને. આપે ફરમાવ્યું : ખોટો કોઈ પણ પ્રકારે શોભાસ્પદ નથી ન જાણીબૂજીને ન હસી મજાકમાં અને કદી પણ પોતાના બાળકોને વાયદો કરી ભંગ ન કરો. જૂઠ બુરાઈનો માર્ગ દેખાડે છે અને બુરાઈ દોઝખનો માર્ગ દેખાડે છે.'

**(પંદે તારીખમાં હદીસ)**

## તુલે ઉમ્ર અને વુસ્અતે રીઝક માટેઃ ૧૦૦ મુજર્રબ નુસ્ખાઓ
### (અનુવાદ: યાસીનઅલી એ. સાયાણી)

ગતાંકથી...

**૨. હજ તથા ઉમરા અદા કરવા:-**

હજ ગુરબતને દૂર કરે છે.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ) તથા ઈમામ મોહમ્મદ બાકર (અ.સ.) ફરમાવે છે કે:

“હજ અદા કરવાથી ફકીરી અને તંગદસ્તી દૂર થાય છે.”

પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.) ફરમાવે છે કે હજ કરો માલદાર થઈ જશો.

મૌલાએ મુત્તકીયાન હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે કે: “બયતુલ્લાહ ની હજજ તથા ઉમરા ફકીરીને દૂર કરે છે, ગુનાહોનો કફ્ફારો બને છે અને જન્નતમાં જવાનું કારણ બને છે.”

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે: “જે શખ્સ ત્રણ હજ કરશે તે કદી ફકીરી અને ફાકામાં મુબ્તેલા નહિ થાય.”

ઈસ્હાક ઈબ્ને અમ્માર ફરમાવે છે કે મેં હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ની ખિદમતમાં અર્ઝ કરી કે: “મારી ઝાતને આ વાત પર રાઝી કરી લીધો છે કે હું હર વરસે જરૂર યા તો પોતે જઈશ યા પછી પોતાના માલથી કોઈ સગાવ્હાલાને હજ પર મોકલું.”

તો ઈમામે (અ.સ.) જવાબમાં ફરમાવ્યું કે: “ શું તે વાતનો પાકકો નિર્ણય કરી લીધો છે.” અમ્મારે જવાબમાં અર્ઝ કરી કે “જી હા.”

તો ઈમામ(અ.સ.) એ ફરમાવ્યું કે “જો અગર તે આમ કર્યુ તો યકીન જાણ કે તારા માલમાં વધારો થઈ જશે.” અથવા ફરમાવ્યું “તને તારા માલમાં વધારો થવાની ખુશખબરી થાય.”

પેયગમ્બરે ઈસ્લામે (સ.અ.વ.) એક ખુત્બામાં ફરમાવ્યું કે અલ્લાહ તઆલા ( હજ માટે ખર્ચ થવા વાળા) દરેક દિરહમ ના બદલે દસ લાખ દિરહમ અને દરેક દિનારના બદલે દસ લાખ દિનાર અતા ફરમાવશે.

હઝરત ઈમામ રઝા (અ.સ.) ફરમાવે છે કે:

“હજ તથા ઉમરા ફકીરી અને ગુનાહોને એવી રીતે સાફ કરી દે છે જેવી રીતે આગની ભઠ્ઠી લોઢાની કાટ (ઝંગ)ને સાફ કરી દે છે.”

**૩. સીલે રહમી:-**

(સગાવહાલાઓથી સારો વર્તાવ કરવો તથા તેમના હક્કો અદા કરવા)

**સગાવહાલાઓ સાથે નેકી:-**

ઈમામ મોહમ્મદ બાકર (અ.સ.) ફરમાવે છે કે: “સગા વ્હાલાઓ સાથે નેકી અખ્લાકને સુધારે છે, હાથને સખી બનાવે છે, નફસને પવિત્ર કરે છે, રીઝકમાં વધારો કરે છે અને ઉમ્રને લાંબી કરે છે.”

પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.) ફરમાવે છે કે:

“અમુક લોકો ફાસીક અને ફાજીર હોય છે અને નેક નથી હોતા. તેઓ સીલે રેહમી (સગાહાલાઓથી નેકી) કરે છે જેના લીધે તેમના માલમાં વધારો થાય છે અને ઝીંદગી લાંબી થાય છે. જો તેઓ નેકી કરવાવાળા અને ભલાઈ કરવાવાળા હોય તો પછી પુછવું જ શું !”

એક બીજી જગ્યાએ રસૂલે અકરમ (સ.અ.વ.) ફરમાવે છે કે :

"સગા વ્હાલાઓ સાથે નેકી કરવાથી શહેર આબાદ થાય છે અને ઉમ્રોમાં વધારો થાય છે."

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ફરમાવે છે : "જે શખ્સ મને સીલેરહેમની જમાનત આપે હું તેને તેના ઘરવાળાઓની મહોબ્બત, માલમાં વધારો, લાંબી ઉમ્ર અને જન્નતમાં દાખલ થવાની જમાનત આપું છું.

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે: " કોઈ અમલ ઉમ્રને લાંબી નથી કરતો પણ ફકત સીલે રહેમ, ત્યાં સુધી કે જો કોઈની ઝીંદગી ના ફકત ત્રણ વરસ બાકી રહી ગયા હોય અને તે સીલે રહેમ બજાવી લાવે તો અલ્લાહતઆલા તેની ઉમ્રમાં વધારો કરી ૩૦ વરસની કરી દે છે અને જો કોઈ ની ઉમ્ર ૩૩ વરસ બાકી રહી હોય અને તે કત્એ રહેમી કરે તો અલ્લાહ તેની ઉમ્રમાંથી ૩૦ વરસ ઓછા કરી નાખે છે અને તેની ઉમ્રમાં ફકત ૩ વરસ બાકી રહી જાય છે."

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે કે: "બેશક જ્યારે પુરૂ ખાનદાન એક જગ્યાએ ભેગુ થઈને એક બીજાથી મોહબ્બત કરતા હોય ભલે પછી ફાસીક અને ફાજીર કેમ ન હોય, અલ્લાહતઆલા તેમની રોઝી બહોળી કરી દે છે અને ખાનદાન વાળાઓએ એક બીજાથી જુદાઈ રાખી હોય અને કત્એ રહેમ કર્યો હોય તો અલ્લાહ તેમને મેહરૂમ (વંચિત) કરી દે છે , ભલે પછી તે મુત્તકી અને પરહેઝગાર કેમ ન હોય."

<u>હંમેશા બાવઝુ રહેવું</u>: અને કામિલ વઝુ (મુસ્તહબાત સાથે) કરવું અને દરેક વખત બા વઝુ રહેવું ઉમ્રમાં વધારો કરે છે.

પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.) ફરમાવે છે કે: "તહારતને કસરતથી (વધુમાં વધુ) ઈખ્ત્યાર કરો , જેથી અલ્લાહતઆલા તમારી ઉમ્ર વધારી દે." (એટલે કે જો વઝુ તુટી જાય તો ફરીથી વઝુ કરવામાં આવે)

એક બીજી જગ્યાએ ફરમાવે છે કે:

"મુકમ્મલ (સંપૂર્ણ) તરીકાથી વઝુ કરો, અલ્લાહ તમારી ઉમ્રમાં વધારો કરશે."

(મુકમ્મલ તરીકાથી મુરાદ એ છે કે બધા મુસ્તહબાતની સાથે વઝુ કરવામાં આવે) વઝુ કરવાથી ફકીરી અને તંગદસ્તીથી પણ નજાત આવી જાય છે.

એક હદીસ માં છે કે:

"વઝુની હાલતમાં મરવાવાળો શખ્સ શહીદ મરે છે."

એક રિવાયત મુજબ :

" જે કોઈ શખ્સ વઝુ કર્યા વગર સુઈ જાય છે તો તેનું બિસ્તર કબરની જેમ છે જેના પર તે મુરદારની જેમ સુતો છે."

" દરેક વખતે વઝુ સાથે રહેવાથી ઈન્સાન ગુનાહોથી પણ બચે છે."

(૪). વઝુના અમુક મુસ્તહબાત:

૧. વઝુ કરતી વખતે સૂરએ કદર (ઈન્ના અન્ઝલના)ની તિલાવત કરવી.

૨. વઝુની મુસ્તહબ દુઆઓ વઝુ કરતી વખતે પઢવી.(તોઝીઉલ મસાઈલ)

૩. વઝુનું ઠામ (બરતન) સીધા હાથ તરફ રાખવું.

૪. પુરા ખુશુઅ અને ખુઝુઅ અને ધ્યાન પૂર્વક વઝુ કરવું.

૫. ઓછામાં ઓછા પાણીથી વઝુ કરવું. એક મુદ એટલે કે ત્રણ પા પાણીથી વઝુ કરવું મુસ્તહબ છે. (ક્રમશ)

✡✡✡✡✡

# 'મોત' ઉપર મંથન (૧૧)
### (મૌલાના સૈયદ આબિદ હુસેન ઝયદી સાહેબના 'દર્સ' પરથી)
### ભાવાનુવાદઃ અમીરઅલી શમશીર

ગતાંકથી...

હઝરત અલી (અ.સ.) ના કથનનો સાર છે કે 'દુનિયામાં અલ્લાહતઆલાની કૃપા તથા માયાળુપણા અને સર્જનોને જોઈને મને યકીન થયું છે કે અલ્લાહ મને ફરિશ્તાઓ અને અંબિયા (અ.મુ.સ.)ના સત્ય માર્ગ પર ચલાવવા માંગે છે. તે મને કદાપિ ભૂલશે નહિ અને મને (આખેરતમાં) કોઈ પ્રકારની તકલીફનો સામનો થશે નહિ.'

ઉપરોકત વાતને નજર સમક્ષ રાખી ખરો મોમિન કયારેય મોતથી ડરશે નહિ. અલ્લાહથી પોતાની ભૂલો અને નાફરમાનીઓની ક્ષમા માંગતી રહેવી જોઈએ. આ તરીકાથી વયમાં વધારો થાય છે એમ અગાવના લખાણમાં આવી ચૂકયું છે.

હઝરત દાઉદ (અ.સ.) ઝબુરની તિલાવત કરતા હતા અને સત્ય ધર્મ ઈસ્લામનો પ્રચાર કરતા હતા. દીનના હુકમોની છણાવટ કરીને લોકોને માર્ગદર્શન આપવું તે તેમનું નિત્ય કાર્ય હતું. એક નવયુવાન નબીને સાંભળવા આવતો હતો. ખુદ મલેકુલ મોત પણ આવજા કરતો રહેતો હતો.

એક દિવસ મલેકુલ મોત આ યુવાનને ધુરીને જોવા લાગ્યો. યુવાનના ગયા પછી મલેકુલમોતને હઝરત દાઉદે (અ.સ.) પ્રશ્ન કર્યો કે આમ કેમ તમે તે યુવાનને એકધારા નિરખી રહ્યા હતા ? ઉત્તરમાં તે ફરિશ્તો બોલ્યો કે એક અઠવાડીયા પછી હું આની રૂહ કબ્ઝ કરી લઈશ.

નબીએ ફરમાવ્યું કે શું આ અલ્લાહનો ફેસલો છે ? કીધું હા. નબીને આ યુવાન સારી આદતોના કારણે ઘણોજ પસંદ હતો. નબી આ મામલામાં ફિકરમંદ હતા અને યુવાનને આ સંદર્ભે કાંઇજ ખબર ન હતી.

બે ત્રણ દિવસ પછી મજકૂર યુવાન જનાબે દાઉદ (અ.સ.) પાસે આવતા તેમણે યુવાનને પુછયું કે શું તારી શાદી થઈ ચૂકી છે ? જવાબમાં 'ના' કહેતા નબીને અંતર લાગણી થઈ કે દુનિયાથી જતા જતા લગ્નની એક ખુશી તેને મળે. નબી પાસે એમને માનનાર એક શખ્સ આવતો રહેતો. તેને ભલામણ કરવામાં આવી કે તમારી દીકરીની શાદી તે યુવાનથી કરી દો. તે તૈયાર થઈ ગયો.લગ્ન પતી ગયા.

બરાબર એક અઠવાડીયા પછી નબીએ વિચાર્યું કે તેના કફન-દફન અને જનાઝામાં શામિલ થાવ અને તેની વિદાયનો પુરસો તેના ઘરવાળાઓને આપુ માટે તેને ઘરે પહોંચ્યું. જોયું તો તે યુવાન હયાત છે અને ઘણોજ ખુશખુશાલ છે. નબી ખામોશ રહ્યા અને પછી પોતાના ઘર તરફ પાછા વળ્યા.

મલેકુલમોતથી ફરી મુલાકાત થતા પૂછયું તમે ફલાણાની મોત એક અઠવાડીયા પછી થાશે તેમ કહ્યું હતું પણ હવે અઠવાડીયાથી વધારે દિવસો થયા તે હજી જિવંત છે. મલેકુલમોતે જવાબમાં કહ્યું કે યા નબી (અ.સ.) ! આ યુવકથી તમારો અત્યંત દીલી લગાવ, તેની અને તેના ઘરવાળીની આપસમાં મહોબ્બત અને અલ્લાહ તો પોતાના બંદાઓથી અતિશય પ્રિયતા રાખે છે તો તેની તે બંદાથી લાગણી જોશમાં આવી, તે કારણોસર તેણે તે યુવકની જિંદગીનીમોહલતમાં વધારો કરી દીધો.

કુરઆનમાં 'મોત' અને 'અજલ' બે શબ્દો આવ્યા છે. આલિમોએ એનો ખુલાસો કરતા કહ્યું છે કે અજલનો સમય નક્કી અને અટળ છે પણ મોતનો સમય જાણીતા અથવા અજાણ્યા કારણોના લીધે બદલાયા કરે છે. એટલે મોહલતમાં વધારો અથવા ઘટાડો થયા કરે છે. જેનો ભેદ ફકત અલ્લાહતઆલા જ જાણે છે.

ઉપરોકત વાતના અનુસંધાનમાં ઓલમાનો એકમત ફેસલો છે કે આપસમાં એક બીજા પ્રત્યે ભલી લાગણી, એકતા, સીલે રહેમ અને મેળ મિલાપ જિંદગીની મોહલત વધવાનું કારણ બને છે. વય વૃદ્ધી થાય છે. એવીજ રીતે આ

વાતની વિરુદ્ધ આપસમાં શત્રુતા, જગડાઓ, વેર, હસદ ભરી જિંદગી વિતાવનારની વય ઓછી થયા કરે છે. અલ્લાહમાં વિશ્વાસ અને અડગ શ્રદ્ધા ધરાવનાર મોમિન અલ્લાહનો આજ્ઞાકિત બંદો બની જીવનની (અજલની) સમાપ્તીએ પહોંચે છે.

વળી ઘણા ઓલમાએ આ પાયાની વાત પર માર્ગદર્શન કરતા કહ્યું છે કે કયારેક નાનું બાળક દુનિયાથી રવાના થઈ જાય છે તો લોકો એને બદનસીબી કહે છે અને તે બનાવ પર અફસોસ વ્યકત કરે છે પણ દુનિયાની વિનાશી ખુશીની મુકાબલે આખેરતની વાસ્તવિક અવિનાશી ખુશીનો કોઈ મુકાબલો થઈ નથી શકતો. આખેરતની ખુશીની દુનિયામાં કલ્પના શકય નથી ન તેને શબ્દો થકી સમજાવી શકાય છે.

ખરી સફળતા અને પ્રસન્નતા મોમિનનું આખેરતમાં હોઝે કવસર પર પહોંચવું છે. અંબિયા (અ.મુ.સ.) અને એહલેબયત (અ.મુ.સ.)ની મુલાકાત સમયે જે હર્ષ અને આનંદ થશે તે અવર્ણીય છે.

ઈમામ જઅફરે સાદીક (અ.સ.)ના કથનનો સાર છે કે મોત ઉપર ચિંતન-મનન ખરા મોમિનને આખેરતની સફળતા સુધી દોરવી જાય છે.

આખેરતનીદ્રષ્ટિએ જો નાનુ બાળક કોઈ પણ કારણસર મૃત્યુ પામે તો તે જિવંત ૭૦ બાળકો કરતા વધારે બેહતર છે. વિનાશી જગતની કોઈ વસ્તુને અવિનાશી જગતની વસ્તુ પર પ્રાથમિકતા નથી દઈ શકાતી. ઉપરોકત દ્રષ્ટાંત એની કડી છે. 'ઈન્નાલિલ્લાહે વઈન્ના એલયહે રાજેઊન'નો અર્થ પણ એજ થાય છે અર્થાત 'અમે અલ્લાહના જ છીએ અને અમે તેનીજ હજુરમાં પાછા ફરનાર છીએ.'

(સૂ.અલબકરહ-આ. ૧૫૬)

એક આયતનો ભાવાર્થ છે કે મોતનો ઝિક્ર દિલોને જીવતા કરે છે. મોતને આસાન કરી દે છે. ભૂતકાળના યુગમાં ઓલમા આપસમાં મળીને મોતનું વર્ણન એવી રીતે કરતા રહેતા જાણે કે તેઓ પોતે મરણ પામ્યા અને તેમનો જનાઝો તેમની સમક્ષ છે. તેઓ રૂદન કરતા. આ રીતે તેઓ અલ્લાહની નાફરમાનીઓથી બચતા રહેતા અને તેઓને કુર્બે ઈલાહી નસીબ થતુ હતું.તેઓ મોતથી નિડર બની જતા હતા.

(ક્રમશ) (ઈન્શાઅલ્લાહ)

## ઈન્ના લિલ્લાહે વઈન્ના એલયહે રાજેઊન

### ઈમામ હુસેન (અ.સ.)ના ચેહલુમ જુલુસ પર આતંકવાદી હુમલાઓ

કરાચી: તારીખ ૫.૨.૨૦૧૦ના શુક્રવારે બપોરે લગભગ ૩ વાગે ઈમામ હુસેન (અ.સ.)ના ચેહલુમના દિવસે મલીર-લાંઢીથી અઝાદારો-માતમદારોને લાવતી બસ ઉપર નરસરીના ઈલાકામાં થયેલ નિર્દય અને કુર આતંકવાદી હુમલો તથા ત્યાર બાદ જીન્નાહ હોસ્પીટલના સીવીલ એમરજેન્સી વાર્ડ પાસે જ્યાં ઝખ્મીઓને લઈને એમબ્યુલેન્સો પહોંચી રહી હતી ત્યાં બીજો હુમલો થતાં ૩૪ માણસો શહીદ અને લગભગ ૧૦૦ ઝખ્મી થયા હતા.

શહીદોમાં શિઆ અને સુન્ની બન્ને બિરાદરીના લોકો શામીલ છે.

ઈસ્લામના શત્રુઓ બેલગામ થતા જઈ રહ્યા છે અને સત્તાધારીઓ સત્તાવિહોણા દેખાય રહ્યા છે. આવા મુશ્કેલ અને કપરા સમયે ઈસ્લામી એકતા અને ભાઈચારો જળવાઈ રહેશે એવી આશા છે.

શિઆ આલિમોએ ૪૦ દિવસનો શોક અને સરકારે ૩ દિવસનો શોક મનાવવાની જાહેરાત કરી છે. અલ્લાહથી અંતરની દુઆ છે કે તે શહીદોને ઉચ્ચ દરજજા અર્પણ કરે, ઝખ્મીઓને જલ્દી શફા આપે અને તેમના આપ્તજનોને સબ્રે જમીલ અર્પણ કરે. (ઈલાહે આમીન) (કાર્યાલય)

# મહેફિલે મુસાલેમા

કરાંચી: સ્થાનીક સંસ્થા બઝમે મઅસુમીન તરફથી તારીખ ૧૧.૨.૨૦૧૦ના ગુરૂવારે રાત્રે નજફી હોલ, સોલ્જર બજાર ખાતે સય્યદુશશોહદાઅ ઈમામ હુસેન (અ.સ.)ને અકિદત અને શ્રાદ્ધંજલિ અર્પણ કરવા સંદર્ભે પંકિત 'શબ્બીરે જાન આપી તો મઝહબમાં જાન છે' પર ગુજરાતી-ઉર્દુ મુસાલેમાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ઉપપ્રમુખ અલ્હાજ 'નઝીર' જામનગરીએ તિલાવતે કુરઆને પાક પછી જનાબ 'નિશાત' નૂરાની સાહેબના એક અમર કલામને પેશ કરી દાદ મેળવી હતી.

જનાબ મોહમ્મદઅલી 'ગાફિલ'ના સંચાલન હેઠળ શરૂ થયેલા મુસાલેમામાં સર્વ જનાબ ૧. મોહમ્મદ 'ઝોહેર' ૨. મયસમઅલી 'મયસમ' ૩. 'ઈરતેઝા' દેવજીયાણી ૪. 'આસિફ' દેવજીયાણી ૫. ગુલામ અબ્બાસ 'રાજાણી' ૬. 'અસદ' અમીરી ૭. હસનઅલી 'હિલાલ' ૮. મોહમ્મદઅલી 'ગાફિલ' ૯. 'નઝીર' જામનગરી ૧૦. રઝા હુસેન આર. મોલેદીના 'રઝા' ૧૧. અલ્હાજ મુનવ્વરઅલી 'સલિલ' ૧૨. તેમજ ગુલામ અલી 'મોમિન'ના કલામ હસનઅલી 'હિલાલે' સંભળાવ્યા હતા.

ત્યાર પછી ઉર્દુમાં ૧૩. હસન રઝા 'હસન' ૧૪. 'નઝીર જામનગરી અને ૧૫. સગીર અબ્બાસ 'સગીર' ભોજાણીએ કલામ સંભળાવીને દાદ મેળવી હતી.

'વતન ગુજરાતી'ના તંત્રી જનાબ ઉસમાન અરબ સાટી સાહેબ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થીત રહ્યા હતા. અલ્હાજ મુનવ્વરઅલી 'સલિલે' ટુંક પ્રવચન કર્યુ હતું.

સંચાલક જનાબ મોહમ્મદઅલી 'ગાફિલે' સંસ્થા વતી નજફી હોલના સંચાલકો તેમજ શ્રોતાજનો તથા કવિ બિરાદરો અને જનાબ ઉસમાન સાટી સાહેબનો અભાર માન્યો હતો.

મોડી રાતે ન્યાઝ પછી મુસાલેમો સમાપ્તીએ પહોંચ્યો હતો. ◻

## નવું જીવન...

એનું મરણ મરણ નથી પણ છે નવું જીવન,
જેના સિરહાને બેઠા હો અંતિમ ઘડી હુસેન.
ત્યારે મલક 'નિશાત'ને જોતાં જ રહી જશે,
આવીને જ્યારે લઈ જશે જન્નત ભણી હુસેન.

**(–'નિશાત' નૂરાની સાહેબ)**

## મરણ નોંધ

| તારીખ | નામ | વય(વર્ષ) |
|---|---|---|
| ૩.૧.૨૦૧૦ | યાસમીનબાનુ બિન્તે મઅસુમઅલી રવજાણી | ૫૬ |
| | ઝવજહ મુશ્તાક હુસેન સુમરાણી | |
| ૪.૧.૨૦૧૦ | હમીદા ખાતુન બિન્તે હસન મોહમ્મદ મુમણ | ૮૪ |
| | ઝવજહ હસનઅલી બંદેઅલી ધાલા હીરજી | |
| ૮.૧.૨૦૧૦ | મોહમ્મદ રઝા ઈબ્ને જઅફરઅલી પુંજા | ૫૮ |
| ” | ફાતેમાબાઈ બિન્તે હુસેન હાજી મુરાજ | ૬૨ |
| | ઝવજહ મુસા મોહસીન હાજી મુરાજ | |
| ” | નસીમબાનુ બિન્તે જઅફરઅલી વિજપડીવાળા | ૫૮ |
| | ઝવજહ સુલતાન હુસેન પન્ના | |
| ૯.૧.૨૦૧૦ | ફાતેમાબાઈ બિન્તે અકબરઅલી રૂપાણી | ૬૦ |
| | ઝવજહ મોહમ્મદ હુસેન ફરીશ્તા | |
| ” | ગુલામ અબ્બાસ ઈબ્ને હુસેનઅલી શરીફ | ૫૩ |
| ૧૦.૧.૨૦૧૦ | મુર્તઝા ઈબ્ને સુલતાનઅલી રાજાણી | ૩૨ |
| ૧૧.૧.૨૦૧૦ | ઝયનબબાઈ બિન્તે સુલેમાન રાજપર મામદાણી | ૮૮ |
| | ઝવજહ બચ્ચુઅલી મામદાણી | |
| ૧૨.૧.૨૦૧૦ | ઝહેરા ખાતુન બિન્તે અકબરઅલી | ૬૯ |
| | ઝવજહ અનવરઅલી કાનાણી | |
| ૧૩.૧.૨૦૧૦ | રૂકૈયાબાનુ બિન્તે બચ્ચુઅલી પટેલ | ૬૫ |
| | ઝવજહ અબ્દુલ હુસેન ગોવાણી | |
| ૧૪.૧.૨૦૧૦ | હુસેનઅલી ઈબ્ને સાલેહ મોહમ્મદ હીરજી | ૫૮ |
| ૧૮.૧.૨૦૧૦ | અબ્દુલ મહેદી ઈબ્ને કમ્બરઅલી બાલેદીના | ૮૬ |
| ૨૦.૧.૨૦૧૦ | યુસુફઅલી ઈબ્ને ફાઝલભાઈ ફરીશ્તા | ૬૮ |
| ” | સીદ્દીકા બિન્તે રફીક અલી એમ. મુસા મુરાજ | ૩૩ |
| ૨૧.૧.૨૦૧૦ | હુસેનઅલી (હાજી) ઈબ્ને અલાદીન પુનાવાળા | ૮૫ |
| ૨૪.૧.૨૦૧૦ | અમીનાબાઈ બિન્તે તુરાબઅલી લાખાણી | ૮૦ |
| | ઝવજહ અબ્દુલ રસૂલ ખટાવ સુતરીયા | |
| ૩૧.૧.૨૦૧૦ | ઝરીનાબાનુ બિન્તે હસનઅલી સુલેમાન | ૭૮ |
| | ઝવજહ દાઉદઅલી એહમદ મોલેદીના | |

અલ્લાહ મરહુમીનની મગફેરત કરે અને આપ્તજનોને સબ્રે જમીલ અર્પણ કરે. (આમીન)

ખોજા (પિરહાઈ) શિઆ ઈસ્નાઅશરી જમાત કરાચીના રેકોર્ડ પરથી સાભાર.

# THE HOLY QUR'AN

## *Text Translation and Commentary by S.V. Mir Ahmed Ali*




1928pp

$ 29.95
CASEBOUND
buy one and get one FREE

Add 10% for shipping and postabe by surface (local)

Add 20% for shipping and postage by surface (international)

The translation of Qur'an into English by S.V. Mir Ahmed Ali is the only one which conforms to the interpretation of the Book of Allah by the Ahele-Bayt of Mohammed Mustafa (S). This translation was checked and edited by late Ayetullah Mirza Mahdi Pooya, a man who was highly knowledgeable in Islamic Sciences.

It is a massive volume; in fact it is almost "encyclopaedic" in range as it attempts to cover all the sciences which correlate to Qur'an Majid.

**Tahrik Tarsile Qur'an, Inc.**

Publisher and Distributors of Holy Qur'an

80-08 51st Avenue, Elmhurst, New York 11373 Tel: 718 446 6472

Fax: 718 446 4370 Website: www.koranusa.org Email: read@koranusa.org

**Available in India: Sayed AtharAl-Qalam:** 78, Tantanpura Street, Mumbai 400009 India

Tel 91-22-374-1600 Fax 91-22-374 9150 Email: alqalam@vsnl.com



# AL-MOHAMMADI TILES









For the finest terrazo tiles

A COMPLETE RANGE IN:

Mosaic Tiles, Plain Tiles

Non Slip chequered Tiles & Other Cement Products,

Marble Granite & Procelain Tiles also available.

**Mezzanine No. 6, Sanya Arcade Corner,**

**Main Clayton Road, Britto Road, Soldier Bazar No. 3, Karachi - Pakistan**

**Phones: 32232258, 32232392 Fax: 32236800**

# Skyways manufacturers (private) ltd.

## 25 YEARS IN INDUSTRIES

MANUFACTURERS OF FILTERS AN CONTROL CABLES FOR THE AUTOMOBILES INDUSTRY
O.E.M. QUALITY - INTERNATIONAL STANDARDS.

*Life* - The performance people



TRACTORS
FIAT
MAZDA
FORD
CARS
GAS TURBINES
TOYOTA
INTERNATIONAL HARVEST
RAILWAY LOCO FILTERS

GENERAL MOTORS
GENERAL ELECTRIC
BEDFORD
MASSEY FERGUSON
CATERPILLER
SPECIAL VEHICLES
TRUCKS
STATIONERY ENGINES
MOTOR CYCLES

Life FILTER

# METAL CONVERTORS

**MANUFACTURERS OF SPECIALIZED ROUND AND RECTANGULAR TIN CONTAINORS OF VARIOUS TYPES AND SIZES**

FACTORY-OFFICE A/1, A-3, S.I.T.E., KARACHI-75700
PHONE: 32570109 - 32562104 - 32562136 FAX: 92-21-32561334
LHE: 5729601 RWP: 567983 E-mail: skyways@super.net.pk



# પંજતન તબર્રુકાત સેન્ટર



દરેક પ્રકારની મુતબર્રક અને મુકદ્દસ વસ્તુઓ જેવી કે અલમ મુબારક, ઝરીહ, પંજા, ઝુલ્જનાહ વગેરે સ્ટીલ, ગિલેટ, ચાંદી, બ્રાસ, સોના દરેક જાતની દાતુઓમાથી ઓર્ડર મુજબ તૈયાર કરી આપવામાં આવે છે.

મશહુર ઠેકાણું, મુનાસીબ હદિયો તથા શ્રષ્ઠ અને સંતોષકારક કારિગરિ એ સિવાય દરેક પ્રકારના નગીના (બર્થ સ્ટોન) પણ મળી શકે છે. મુકદ્દસ વસ્તુઓ અને હેન્ડી ક્રાફ્ટસ/દુન્યાના કોઈ પણ મુલ્કમાં મોકલીએ છીએ.

**કરાચીમાં આ પહેલું કારખાનું છે.**

# PANJATAN TABARRUKAT CENTRE

**Shop No. 7, Mubeen Arcade, Mohammed Ali Habib Road,
Near Mehfil-e-Shah-e-Khurasan, Karachi. Ph: 32256474, 32250559 Fax: 92-21-32728137**